પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ અંક : ૨૮૨ કુલ પાના : ૪ તારીખ : ૨૩-૦૭-૨૦૨૪ મંગળવાર કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં દેશનો વાસ્તવિક જીડીપી દર ૬.૫ ટકાથી ૭ ટકાની વચ્ચે રહેવાનો અંદાજ

### નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે ભારતીય રિઝર્વ બેંકના ૭.૨ ટકાના વૃદ્ધિ અંદાજ કરતાં ઓછું છે.

નવીદિલ્હી,

નાણામંત્રી નિર્મલા સીતારમણે સોમવારે સંસદમાં નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે આર્થિક સર્વે ૨૦૨૪નો રિપોર્ટ રજૂ કર્યો. આર્થિક સર્વેક્ષણ ૨૦૨૪ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં દેશનો વાસ્તવિક જીડીપી દર ૬.૫ ટકાથી ૭ ટકાની વચ્ચે રહેવાનો અંદાજ છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ ૨૩ જુલાઈએ સંસદમાં સામાન્ય બજેટ રજૂ કરશે. બજારની અપેક્ષાઓ ઊંચી રહે છે તે હકીકતને ધ્યાનમાં લેતા આર્થિક સર્વે દસ્તાવેજ જોખમોને સંતુલિત રાખે છે. આ વૃદ્ધિનું અનુમાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના ૭ ટકાના અંદાજને અનુરૂપ છે. જો કે, આ નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે ભારતીય રિઝર્વ બેંકના ૭.૨ ટકાના



વૃદ્ધિ અંદાજ કરતાં ઓછું છે.

નાણામંત્રીએ કહ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૪માં આર્થિક વિકાસ દર ૮.૨ ટકા રહેવાનો અંદાજ છે. નાણાકીય વર્ષ ૨૦૨૫માં અર્થવ્યવસ્થા ૬.૫ થી ૭ ટકાની વચ્ચે રહેવાની ધારણા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે કોર ફુગાવો - જે નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૪.૫ ટકા અને આવતા વર્ષે ૪.૧ ટકા રહેવાની રિઝર્વ બેંક અપેક્ષા રાખે છે - તે "નિયંત્રણ હેઠળ" છે.

સર્વેમાં કહેવામાં આવ્યું છે કે છેલ્લા ત્રણ વર્ષમાં ભારતીય અર્થવ્યવસ્થામાં સુધારો થયો છે અને વ્યવસ્થિત રીતે વિસ્તરણ થયું છે.રૂ ૨૦૨૪ માં વાસ્તવિક જીડીપી રૂ૨૦ ના સ્તરો કરતાં ૨૦ ટકા ઉપર હતો, જે એક સિદ્ધિ કે જે માત્ર કેટલીક મોટી અર્થવ્યવસ્થાઓ પ્રાપ્ત કરી શકી છે, જ્યારે રૂ૨૦૨૫ અને તે પછીના સમયગાળામાં મજબૂત વૃદ્ધિની મજબૂત સંભાવના રહે છે. બેરોજગારી અને બહુપરીમાણીય ગરીબીમાં ઘટાડો અને શ્રમ દળની ભાગીદારીમાં વૃદ્ધિ સાથે વૃદ્ધિ સમાવેશી રહી છે. એકંદરે, ભારતીય અર્થતંત્ર રૂ૨૦૨૫ માટે આશાવાદી છે, વ્યાપક-આધારિત અને સમાવેશી વૃદ્ધિની અપેક્ષા રાખે છે.રોજગારના મુદ્દે ટીકાનો સામનો કરી રહેલી મોદી સરકારે પોતાના અર્થતંત્રના સર્વેમાં આ વાતને નકારી કાઢી છે. ઈકોનોમી સર્વેના ડેટા દ્વારા એવું દર્શાવવામાં આવ્યું છે કે નાનીથી લઈને મોટી કંપનીઓમાં નવી નોકરીઓમાં વધારો થયો છે. સાથે જ લોકોને કૃષિ ક્ષેત્રમાં પણ કામ મળ્યું છે. આનાથી સ્થળાંતર ઘટ્યું છે. રોજગાર નિર્માણના સંદર્ભમાં, અર્થતંત્ર સર્વે અનુસાર ત્રિમાસિક શ્રમ દળ સર્વે સમગ્ર દેશ માટે વાર્ષિક ડેટા પ્રદાન કરે છે, જેમાં શહેરી રોજગાર અને ગ્રામીણ ભારતનો સમાવેશ થાય છે. આ સર્વેમાં એ વાત સામે આવી છે કે કૃષિ ક્ષેત્રમાં રોજગાર વધવાને કારણે રિવર્સ માઈગ્રેશન થયું છે. મતલબ કે લોકો શહેરોમાંથી ગામડાઓમાં પાછા ફર્યા છે. ઉપરાંત, ગ્રામીણ ભારતના શ્રમબળમાં મહિલાઓનો હિસ્સો વધ્યો છે.

સર્વેમાં લગભગ ૨.૦ લાખ ભારતીય ફેક્ટરીઓમાં કામ કરતા લોકોના ડેટા છે. ૨૦૧૩-૧૪ અને ૨૦૨૧-૨૨ ની વચ્ચે કારખાનાઓમાં નોકરીઓની કુલ સંખ્યામાં વાર્ષિક ૩.૬% નો વધારો થયો છે. સંતોષકારક બાબત એ છે કે સો કરતાં વધુ કામદારોને રોજગારી આપતી ફેક્ટરીઓ નાની ફેક્ટરીઓ (સો કરતાં ઓછા કામદારો ધરાવતી) કરતાં ૪.૦% વધુ ઝડપથી વૃદ્ધિ પામી છે. આ સમયગાળા દરમિયાન ભારતીય કારખાનાઓમાં રોજગાર ૧.૦૪ કરોડથી વધીને ૧.૩૬ કરોડ થઈ ગયો છે.

ઈકોનોમી સર્વે કહે છે કે ભારતને એક પછી એક બે મોટા આર્થિક આંચકાઓ પડ્યા છે. બેંકિંગ સિસ્ટમમાં બેડ લોન અને કોર્પોરેટ ડેટનું ઉચ્ચ સ્તર અને કોવિડ રોગચાળો એ બીજો આંચકો હતો. પ્રથમ આંચકા પછી તરત જ આ આવ્યું. આ હોવા છતાં, ભારતીય અર્થતંત્રે શાનદાર પ્રદર્શન કર્યું છે અને રોજગારીની તકો વધી છે. તેથી, ભારતીય અર્થતંત્રની રોજગાર સર્જન ક્ષમતા માળખાકીય રીતે નબળી હોવાનું તારણ કાઢવું ??મુશ્કેલ છે. ભારતીયોની ઉચ્ચ અને વધતી આકાંક્ષાઓને પહોંચી વળવા અને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતની યાત્રા પૂર્ણ કરવા માટે ભારતને પહેલા કરતાં વધુ સમજૂતીની જરૂર છે. સર્વેમાં ખાનગી ક્ષેત્રની મહત્વની ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. રોજગાર સર્જનથી લઈને જીડીપીના કદમાં વધારો કરવા માટે ખાનગી ક્ષેત્રે આગેવાની લેવી પડશે.

બજેટના એક દિવસ પહેલા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું હતું કે ભારત સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે. છેલ્લા ત્રણ વર્ષમાં દેશમાં ૮ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. તેમણે કહ્યું કે કેન્દ્રીય બજેટ વિકસિત ભારતના સરકારના સપનાનો મજબૂત પાયો હશે.સંસદના ચોમાસુ સત્ર પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મીડિયાને સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે આજે સાવનનો પહેલો સોમવાર છે. આ શુભ દિવસે એક મહત્વપૂર્ણ સત્ર શરૂ થઈ રહ્યું છે. હું દેશવાસીઓને સાવનનાં પહેલા સોમવારની શુભકામનાઓ પાઠવું છું. સંસદનું ચોમાસુ સત્ર આજથી શરૂ થઈ રહ્યું છે. આજે આખા દેશની નજર તેના પર છે.

## કંવર યાત્રા રૂટ અંગે યુપી-ઉત્તરાખંડ સરકારના નિર્ણય પર વચગાળાનો સ્ટે; આગામી સુનાવણી ૨૬મી જુલાઈએ

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે કંવર યાત્રા સંબંધિત ઉત્તર પ્રદેશ સરકારના આદેશને પડકારતી અરજીઓ પર સુનાવણી કરી. યુપી સરકારના આદેશમાં કંવર યાત્રા રૂટ પર આવેલી ખાણીપીણીની દુકાનોને માલિકોના નામ લખવા માટે કહેવામાં આવ્યું છે. સુનાવણી બાદ કોર્ટે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને મધ્ય પ્રદેશની સરકારોની સૂચનાઓ પર વચગાળાનો સ્ટે લગાવી દીધો હતો. કોર્ટે ત્રણેય રાજ્યોને નોટિસ પાઠવી તેમના જવાબ પણ માંગ્યા છે. કોર્ટે કહ્યું કે દુકાનદારોએ તેમના નામ જાહેર કરવાની જરૂર નથી. તેઓ માત્ર એટલું જ જણાવે છે કે તેમની પાસે શું અને કેવા પ્રકારની ખાદ્ય સામગ્રી ઉપલબ્ધ છે.

અગાઉ, અરજદારોના વકીલે સુપ્રીમ કોર્ટને કહ્યું હતું કે આ એક ચિંતાજનક સ્થિતિ છે, જ્યાં પોલીસ અધિકારીઓ સમાજમાં ભાગલા પાડવાની પહેલ કરી રહ્યા છે. લઘુમતીઓને ઓળખવામાં આવશે અને તેમનો આર્થિક બહિષ્કાર કરવામાં આવશે. યુપી અને ઉત્તરાખંડ ઉપરાંત બે વધુ રાજ્યો તેમાં જોડાયા છે. સુપ્રીમ કોર્ટે પૂછ્યું કે શું આ પ્રેસ સ્ટેટમેન્ટ છે કે ઔપચારિક આદેશ છે કે આને દર્શાવવામાં આવે?

અરજદારોના વકીલે જવાબ આપ્યો કે પહેલા અખબારી નિવેદન આવ્યું અને પછી લોકો ગુસ્સે થવા લાગ્યા અને કહ્યું કે તે સ્વૈચ્છિક છે, પરંતુ તેઓ તેનું કડકપણે પાલન કરી રહ્યા છે. વકીલે કહ્યું કે આ કોઈ ઔપચારિક આદેશ નથી, પરંતુ પોલીસ કડક કાર્યવાહી કરી રહી છે. અરજદાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે આ એક સ્યુડો ઓર્ડર છે.

અરજદારનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ સીયુ સિંઘે કહ્યું કે મોટાભાગના લોકો ખૂબ જ ગરીબ છે, શાકભાજી અને ચાની દુકાનો ચલાવે છે અને આવા આર્થિક બહિષ્કારને કારણે તેમની આર્થિક સ્થિતિ બગડશે. આનું પાલન ન કરવા બદલ, અમારે બુલડોઝરની કાર્યવાહીનો સામનો કરવો પડ્યો.

સુપ્રીમ કોર્ટે સિંઘવીને કહ્યું કે આપણે પરિસ્થિતિનું વર્ણન એવી રીતે ન કરવું જોઈએ કે તે જમીની વાસ્તવિકતા કરતાં વધારે અતિશયોક્તિયુક્ત હોય. આ ઓર્ડરોમાં સલામતી અને સ્વચ્છતાના પરિમાણોનો પણ સમાવેશ થાય છે. સિંઘવીએ કહ્યું કે કંવર યાત્રા દાયકાઓથી થઈ રહી છે અને મુસ્લિમ, ખ્રિસ્તી અને બૌદ્ધ સહિત તમામ ધર્મના લોકો તેમની યાત્રામાં મદદ કરે છે. હવે તમે તેમને બાકાત કરી રહ્યા છો.

સિંઘવીએ કહ્યું કે ઘણી શુદ્ધ શાકાહારી રેસ્ટોરાં પણ હિન્દુઓ ચલાવે છે. મુસ્લિમ કર્મચારીઓ પણ આમાં કામ કરી શકે છે. શું હું એમ કહી શકું કે હું ત્યાં કંઈ જ નહીં ખાઉં કારણ કે ત્યાંનું ભોજન કોઈને કોઈ રીતે મુસ્લિમો કે દલિતો દ્વારા તૈયાર કરવામાં આવે છે અથવા પીરસવામાં આવે છે? સૂચનાઓમાં સ્વૈચ્છિક તરીકે લખેલું છે, પણ સ્વૈચ્છિક ક્યાં છે? જો હું કહું તો હું દોષિત છું અને જો હું ન કહું તો હું પણ દોષિત છું. સુપ્રીમ કોર્ટે પૂછ્યું કે શું કંવર યાત્રાના ભક્તો (કંવરિયાઓ) પણ એવી અપેક્ષા રાખે છે કે ભોજન ચોક્કસ વર્ગના માલિક દ્વારા રાંધવામાં આવે?

## બાંગ્લાદેશમાં ફસાયેલા ૧૦૦ ગુજરાતી વિદ્યાર્થીઓમાંથી ૧૪ હેમખેમ પરત

ગાંધીનગર,

બાંગ્લાદેશમાં ચાલતા અનામત વિરોધી આંદોલનમાં ફસાયેલા ૧૦૦ ગુજરાતી વિદ્યાર્થીઓમાંથી ૧૪ વિદ્યાર્થીઓને હેમખેમ પરત લાવવામાં આવ્યા છે. સીએમ ભુપેન્દ્ર પટેલના દિશાનિર્દેશમાં રાજ્ય સરકારે વિદેશ મંત્રાલય સાથે સંકલન સાધી લીધેલા પગલાંના લીધે આ વિદ્યાર્થીઓ સહીસલામત પરત આવી ગયા છે.

સીએમ ભૂપેન્દ્ર પટેલે બાંગ્લાદેશમાં એમબીબીએસના અભ્યાસ માટે ગયેલા વિદ્યાર્થીઓ ત્યાં સર્જાયેલી હિંસા અને અન્ય ઘટનાઓમાંથી હેમખેમ પોતાના માતા-પિતા અને પરિવાર પાસે આવી જાય તેની વ્યવસ્થાના સંકલન માટે રાજ્યના બિન નિવાસી ગુજરાતી ફાઉન્ડેશનને તાત્કાલિક યોગ્ય સંકલન કરવા સૂચનાઓ આપી હતી.

સીએમની આ સૂચનાઓના પગલે એનઆરજી ફાઉન્ડેશનને બાંગ્લાદેશમાં ફસાયેલા વિદ્યાર્થીઓની વિગતો મેળવવા હેલ્પલાઈન નંબર-૯૯૭૮૪૩૦૦૭૫ જાહેર કર્યો છે. એટલું જ નહિં, આવા વિદ્યાર્થીઓના વાલી અને પરિવારજનો તેમના પાલ્યની વિગતો આપી શકે તે માટે ઈમેલ આઈડી પર પણ વિગતો મંગાવવાનું શરૂ કર્યું છે. રાજ્ય સરકારના આ પ્રો-એક્ટિવ અભિગમને પરિણામે વિદ્યાર્થીઓના વાલી-પરિવારજનોએ દ્વઈર ફાઉન્ડેશનનો સંપર્ક કરીને વિગતો આપી હતી.

એનઆરજી ફાઉન્ડેશને ભારત સરકારના વિદેશ મંત્રાલય સાથે સંકલન કરીને જે ૨૫ જેટલા વિદ્યાર્થીઓનો સંપર્ક થયો હતો તેમને ગુજરાત લાવવાની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરી હતી. આ ફળદાયી પ્રયાસોના પરિણામે હાલ ભરૂચ જિલ્લાના સાત, અમદાવાદ અને ભાવનગરના બે તથા અમરેલી અને મહેસાણા તથા પાટણના એક-એક એમ કુલ ૧૪ વિદ્યાર્થીઓ સહીસલામત પરત આવી ગયા છે.

સીએમ ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શનમાં રાજ્ય સરકારે કેન્દ્ર સરકારના પરામર્શમાં રહીને અન્ય ૧૧ વિદ્યાર્થીઓને પરત લાવવા માટેની વ્યવસ્થાઓ હાથ ધરી છે. કેન્દ્રીય વિદેશ મંત્રાલયે પણ બાંગ્લાદેશની સ્થિતિના સંદર્ભમાં એક એડવાઈઝરી જાહેર કરીને ત્યાં વસતા ભારતીય સમુદાયના લોકો અને વિદ્યાર્થીઓને લોકલ ટ્રાવેલ ન કરવા તથા ઘરની બહાર ઓછામાં ઓછું નીકળવા અનુરોધ કર્યો છે.

## દેશના લાખો વિદ્યાર્થીઓ સાથે જોડાયેલા મુદ્દા પર કશું કરવામાં આવી રહ્યું નથી. આ ચિંતાનો વિષય છે

નવીદિલ્હી,

નીટ પેપર લીક મુદ્દે ચોમાસુ સત્ર દરમિયાન લોકસભામાં ભારે હોબાળો થયો હતો. વિપક્ષે આ મુદ્દે સરકારને ઘેરી લીધી હતી. વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે દેશના લાખો વિદ્યાર્થીઓ સાથે જોડાયેલા મુદ્દા પર કશું કરવામાં આવી રહ્યું નથી. આ ખૂબ જ ચિંતાનો વિષય છે. ભારતની પરીક્ષા પદ્ધતિ બકવાસ છે. વિપક્ષી નેતાના આ નિવેદનની કેન્દ્રીય શિક્ષણ મંત્રી દ્વારા નિંદા કરવામાં આવી હતી. તેમણે શિક્ષણ સુધારણા માટે ૨૦૧૦માં કોંગ્રેસ સરકાર દ્વારા લાવવામાં આવેલા બિલ સામે વળતો પ્રહાર કર્યો હતો.

ગૃહમાં નીટનો મુદ્દો ઉઠાવતા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે ભારતની પરીક્ષા પદ્ધતિ છેતરપિંડીથી ભરેલી છે. લાખો લોકો માને છે કે જો તમે ધનવાન છો અને તમારી પાસે પૈસા છે, તો તમે ભારતીય પરીક્ષા પ્રણાલીમાં ખરીદી શકો છો. તેમણે કહ્યું કે જો નીટ પેપર લીક થવું એ સિસ્ટમની ભૂલ હતી, તો તેને સુધારવા માટે શું કરવામાં આવ્યું? મંત્રી પોતાના સિવાય બધા પર દોષારોપણ કરી રહ્યા છે. દેશમાં શું ચાલી રહ્યું છે તેનાથી લાખો વિદ્યાર્થીઓ ચિંતિત છે.રાહુલ ગાંધીએ ભારતીય પરીક્ષા પ્રણાલીની અખંડિતતા પર ચિંતા વ્યક્ત કરી, એવો દાવો કર્યો કે લાખો વિદ્યાર્થીઓ તેને છેતરપિંડી માને છે. તેમણે કહ્યું, "લાખો લોકો માને છે કે જો તમે અમીર છો અને પૈસા ધરાવો છો, તો તમે ભારતીય પરીક્ષા પ્રણાલી ખરીદી શકો છો અને વિપક્ષની પણ આ જ ભાવના છે." તેમણે એક દિવસ માટે આ મુદ્દે અલગથી ચર્ચા કરવાની માંગ કરી હતી. જો કે, પ્રધાને ગાંધીજીના આરોપોનો જવાબ આપતા કહ્યું કે છેલ્લા સાત વર્ષમાં પેપર લીકના કોઈ પુરાવા મળ્યા નથી. તેમણે કહ્યું કે આ મામલો હાલમાં સુપ્રીમ કોર્ટમાં છે અને નેશનલ ટેસ્ટિંગ એજન્સી હેઠળ ૨૪૦ થી વધુ પરીક્ષાઓ સફળતાપૂર્વક લેવામાં આવી છે.સરકારને ઘેરવાના પ્રયાસમાં, ગાંધીએ પૂછ્યું, "આ (નીટ ) એક પ્રણાલીગત મુદ્દો હોવાથી, તમે આ મુદ્દાને ઠીક કરવા માટે ખરેખર શું કરી રહ્યા છો?" પ્રધાને તીખી પ્રતિક્રિયા આપતા કહ્યું કે, "જૂઠ્ઠાણું માત્ર બૂમો પાડવાથી સાચું નથી બની જતું. દેશની પરીક્ષા પદ્ધતિ બકવાસ છે તેવું વિપક્ષના નેતાનું કહેવું અત્યંત નિંદનીય છે." આ ચર્ચા વધુ વિવાદાસ્પદ બની હતી જ્યારે સમાજવાદી પાર્ટીના સાંસદ અખિલેશ યાદવ આ મુદ્દે ચર્ચામાં જોડાયા હતા અને આ મુદ્દાને સંભાળવાની સરકારની રીતની ટીકા કરી હતી.આ અંગે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે હું દેશની પરીક્ષા પ્રણાલીને બકવાસ ગણાવવાની નિંદા કરું છું. જેમણે દૂરથી સરકાર ચલાવી છે. ૨૦૧૦માં કોંગ્રેસ સરકારમાં શિક્ષણ મંત્રી કપિલ સિબ્બલ શિક્ષણ સુધારા અંગે ત્રણ બિલ લાવ્યા હતા. જેમાં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં કેપિટેશન ફીની માંગણી, લાયકાત વિના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો, ફીની રસીદો ન આપવી, વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરવા વગેરે જેવી અન્યાયી પ્રથાઓનો સમાવેશ થાય છે. તો કોના દબાણમાં કોંગ્રેસ સરકાર અને વિપક્ષના નેતાઓએ બિલનો અમલ થવા દીધો નથી અને અમને સવાલો પૂછ્યા છે. અમારી સરકાર પરીક્ષા પદ્ધતિમાં સુધારો કરવા અને ખાનગી સંસ્થાઓની મનસ્વીતાને રોકવા માટે પ્રતિબદ્ધ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સુધારાની કામગીરી થઈ રહી છે.

## આકાશમાં ૨૪-૨૫મીએ અદભુત નઝારો: શનિ ગ્રહનું ચંદ્રગ્રહણ જોવા મળશે



વારાણસી

હંમેશા વાદળમાં છુપાતો ચંદ્ર તા.૨૪-૨૫ જુલાઈએ શનિને છુપાવતો જોવા મળશે! અર્થાત શનિનું ચંદ્રગ્રહણ થશે. ૧૮ વર્ષ બાદ ભારતમાં આ ખગોળીય દુર્લભ ઘટનાનો નજારો જોવા મળશે. ભારતમાં તા.૨૪-૨૫ની મધ્ય રાત્રિએ શનિ ચંદ્રની પાછળ છુપાઈ જશે અને ચંદ્રના કિનારેથી શનિના વલય નજર પડશે. દુનિયાભરના અંતરિક્ષવેતા તેના અભ્યાસની તૈયારી કરી રહ્યા છે.

બનારસના યુવા વેદાંત પાંડેયે જણાવ્યું છે કે ૨૪ જુલાઈની રાત્રે ૧.૩૦ વાગ્યા બાદ આકાશમાં આ દૃશ્ય જોવા મળશે. રાત્રે ૧.૪૪ વાગ્યે ચંદ્ર શનિ ગ્રહને પોતાની પાછળ પુરી રીતે છુપાવી લેશે. ૨.૨૫ વાગ્યે શનિ ગ્રહ ચંદ્રની પાછળથી નીકળતો નજરે પડશે.

ત્રણ મહિના બાદ ફરી વાર જોવા મળશે આ દશ્ય: વૈજ્ઞાનિકોના અનુસાર આ નજારો નરી આંખે જોવા મળશે. જો કે શનિના વલયો જોવા માટે નાના દુરબીનનો ઉપયોગ કરવો પડશે. મહત્વની વાત એ છે કે ત્રણ મહિના બાદ આ નજારો ફરી જોવા મળશે. વાદળોના કારણે જો જુલાઈમાં આ નજારો ન જોવા મળ્યો તો ૧૪ ઓકટોબરની રાત્રે બીજી વાર આ દશ્ય જોવા મળશે.

આ દશ્ય ભારત ઉપરાંત ચીન, શ્રીલંકા, મ્યાનમાર અને જાપાનમાં પણ જોવા મળશે. શનિના આ ચંદ્રગ્રહણની ઘટનાને 'લ્યુનર ઓકલ્ટેશન ઓફ સેટર્ન' નામ અપાયુ છે. પોતાની ગતિથી ચાલતા શનિ અને ચંદ્ર જયારે રસ્તો બદલે છે તો શનિ ચંદ્રની પાછળથી ઉગતો જોવા મળે છે.

## કોઈપણ સરકારી કર્મચારી આરએસએસની પ્રવૃત્તિમાં સામેલ થઈ શકશે, કેન્દ્ર સરકારે ૫૮ વર્ષ જૂનો પ્રતિબંધ હટાવ્યો



નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની પ્રવૃત્તિઓમાં ભાગ લેતા સરકારી કર્મચારીઓ પરનો ૫૮ વર્ષ જૂનો "પ્રતિબંધ" હટાવી લીધો છે. હવે સરકારી કર્મચારીઓ આરએસએસની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકશે, આદેશમાં કહેવામાં આવ્યું છે કે, "ઉપરોક્ત સૂચનાઓની સમીક્ષા કરવામાં આવી છે અને તે નક્કી કરવામાં આવ્યું છે કે ૩૦ નવેમ્બર ૧૯૬૬, ૨૫ જુલાઈ ૧૯૭૦ અને ૨૮ ઓક્ટોબર ૧૯૮૦ના સંબંધિત ઓફિસ મેમોરેન્ડમ્સ સ્વયંસેવક સંઘનો ઉલ્લેખ દૂર કરવો જોઈએ.

બીજી તરફ કોંગ્રેસે કેન્દ્ર સરકારના આ નિર્ણયનો ઉગ્ર વિરોધ કર્યો છે. કોંગ્રેસે કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયેલા નિર્ણયની આકરી ટીકા કરી છે, જેમાં આરએસએસની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પરનો ૬ દાયકા જૂનો પ્રતિબંધ હટાવી દેવામાં આવ્યો છે. આ પછી સારા આચરણની ખાતરી પરનો પ્રતિબંધ દૂર કરવામાં આવ્યો. આ પછી પણ આરએસએસએ ક્યારેય નાગપુરમાં તિરંગો ફરકાવ્યો નથી. ૧૯૬૬ માં, આરએસએસ પ્રવૃત્તિઓમાં ભાગ લેતા સરકારી કર્મચારીઓ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો – અને તે યોગ્ય નિર્ણય હતો. આ પ્રતિબંધ લાદવા માટે ૧૯૬૬ માં જારી કરાયેલ સત્તાવાર આદેશ છે. ૪ જૂન, ૨૦૨૪ પછી, સ્વ-શૈલીના બિન-જૈવિક વડા પ્રધાન અને આરએસએસ વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ છે. ૯ જુલાઈ ૨૦૨૪ ના રોજ, ૫૮ વર્ષનો પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો જે અટલ બિહારી વાજપેયીના વડાપ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન પણ લાગુ હતો. હું માનું છું કે નોકરશાહી હવે શોર્ટ્સમાં પણ આવી શકે છે.

## દ્વારકામાં ચાર કલાકમાં ૧૧ ઈંચ વરસાદ ખાબકતા બધુ જળબંબાકાર



દ્વારકા,

દ્વારકા જિલ્લામાં ફરી વરસાદી માહોલ જામ્યો હતો.જિલ્લાના કલ્યાણપુર પંથકમાં આભ ફોટયા જેવી સ્થિતિ સર્જાઈ. કલ્યાણપુર પંથકમાં ચાર કલાકમાં ૧૧ ઈંચ વરસાદ ખાબક્યો છે. ભારે વરસાદને કારણે કલ્યાણપુરા વરસાદના પગલે ભાટિયા, દેવરિયા, લાંબા, હર્ષદ, રાવલ સહિતના વિસ્તારોના માર્ગો પર ગોઠણસમાં પાણી ભરાયા હતા.

રાજયમાં છેલ્લા કેટલાક દિવસોથી સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં મેઘરાજાએ રમઝટ બોલાવી છે. આગામી બે દિવસ રાજયમાં દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજકોટ, ઉપલેટા, ધોરાજી, દ્વારકા જિલ્લો અને નવસારીમાં આભ ફાટવા જેવી સ્થિતિ સર્જાઈ છે.

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના લાઠ ગામમાં આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઈ હતી. ઉપલેટાના લાઠ ગામમાં ૧૨ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો, ભારે વરસાદને કારણે લાઠ ગામ સાથે સંપર્ક પણ તૂટ્યો હતો. કોઝવે પર પાણી ફરી વળતા વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો છે. ગામના રસ્તાઓ પાણીમાં ગરકાવ થયા હતા. બીજી તરફ રાજકોટ જિલ્લાના જ પીપળીયામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ૬ ઈંચ વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી.

પોરબંદર જિલ્લામાં એકસાથે ૨૭ ઈંચ વરસાદ ખાબકી જતા પૂરની સ્થિતિ સર્જાઈ છે. એક દિવસના વિરામ બાદ આજે વહેલી સવારથી પોરબંદરમાં ફરી ધોધમાર વરસાદની શરૂઆત થઈ છે. સવારે ૪ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધીમાં ૧૯ ઈંચ વરસાદ થતા સર્વત્ર ફરી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. સમગ્ર પોરબંદર પંથકમાં બારે મેઘ ખાંગા જેવી સ્થિતિ સર્જાઈ છે. વરસાદે ફરી એકવાર ઘેડની કમર તોડી નાખી છે.

પોરબંદર જિલ્લાના ત્રણેય તાલુકામાં જળ તાંડવ સર્જાયું હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકાના અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ઘુસ્યા છે.રાણાવાવના ગોપાલ પરા, આશાપુરા ચોક, સ્ટેશન રોડ પર પાણી ફરી વળ્યા છે.સાથે સાથે રાણાવાવની સરકારી હોસ્પિટલમાં પણ વરસાદી પાણીનો જમાવડો થયો છે.

સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં આજે સવારથી જ મેઘરાજા ધમાકેદાર બેટિંગ કરી રહ્યા છે. આજે સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીમાં એટલે કે માત્ર ચાર કલાકમાં કુલ ૯૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે. તો બીજી બાજુ દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુરમાં માત્ર બે કલાકમાં જ પાંચ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. તો હવામાન વિભાગે આજે સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં અત્યંત ભારે વરસાદ પડવાની આગાહી પણ આપી છે. ધોધમાર વરસતા વરસાદને કારણે ખેડૂતોની ચિંતા વધી છે.

## પોરબંદરમાં વિરામ બાદ ફરી ૭ કલાકમાં ૧૯ ઈંચ વરસાદ ખાબકી જતા જળબંબાકારની સ્થિતિ

પોરબંદર,

પોરબંદરમાં વિરામ બાદ ફરી વહેલી સવારથી વરસાદની શરૂઆત થઈ છે. સવારે ૪ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધીમાં ૧૯ ઈંચ વરસાદ ખાબકી જતા ચોતરફ પાણી જ પાણીની સ્થિતિ સર્જાઈ છે. આ તરફ ઘેડ પંથકમાં પણ ૭ કલાકમાં ૧૯ ઈંચ વરસાદ ખાબકી જતા આભ ફાટ્યા જેવી સ્થિતિ નિર્માણ પામી છે.સૌરાષ્ટ્રમાં મેઘરાજા ઓળઘોળ થઈને વરસી રહ્યા છે. પોરબંદર જિલ્લામાં એકસાથે ૨૭ ઈંચ વરસાદ ખાબકી જતા પૂરની સ્થિતિ સર્જાઈ છે. એક દિવસના વિરામ બાદ આજે વહેલી સવારથી પોરબંદરમાં ફરી ધોધમાર વરસાદની શરૂઆત થઈ છે. સવારે ૪ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધીમાં ૧૯ ઈંચ વરસાદ થતા સર્વત્ર ફરી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. સમગ્ર પોરબંદર પંથકમાં બારે મેઘ ખાંગા જેવી સ્થિતિ સર્જાઈ છે. વરસાદે ફરી એકવાર ઘેડની કમર તોડી નાખી છે. ભારે વરસાદને પગલે પોરબંદરની જીવાદોરી સમાન ખંભાળા ડેમ છલકાયો છે. ખંભાળા ડેમ સંપૂર્ણપણે છલકાતા લોકોમાં આનંદની લાગણી છે. નીચાણવાળા ૧૨ ગામોને એલર્ટ રહેવાઉ સૂચના અપાઈ છે.પોરબંદરમાં એક દિવસના વિરામ બાદ ફરી મેઘરાજાએ તોફાની બેટીંગ શરૂ કરતા શહેરમાં એકસામટો અઢી ઈંચ વરસાદ ખાબકી ગયો છે. શહરેમાં અગાઉના પાણી હજુ ઓસર્યા ન હતા ત્યાં ફરી વરસાદ ખાબકી જતા શહેરમાં પાણી પાણીની સ્થિતિ સર્જાઈ છે. ૨૨ જેટલા ગામ હજુ પણ સંપર્ક વિહોણા છે. ઉપરવાસમાં ભારે વરસાદ થતા અનેક ગામોમાં પાણી ભરાયા છે. કેટલાક ગામોમાં ૨ થી ૮ ફુટ સુધી પાણી ભરાયેલા છે. જેના પગલે ગામલોકોને અવરજવર કરવામાં પારવાર હાલાકી વેઠવી પડી રહી છે.

# બાલાસિનોરમાં કુખ્યાત બુટલેગરના ત્યાં સ્ટેટ મોનીટરીંગ સેલનો દરોડો,પાંચ વ્યકિતઓ વિરૂધ્ધ ફરિયાદ

## વિદેશી દારૂ,કાર અને ટુ વ્હીલર મળી ત્રણ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો.

બાલાસિનોર, સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે બાલાસિનોરમાં દરોડો પાડી કુખ્યાત બુટલેગરના ત્યાંથી વિદેશી દારૂ ઝડપી લીધો હતો. એક કાર અને ટુ વ્હીલર પણ જપ્ત કરવામાં આવ્યું હતું. પોલીસે દારૂ વેચી રહેલા વ્યકિતની ધરપકડ કરી પાંચ વ્યકિતઓ વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો અને આરોપીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

બાલાસિનોર પોલીસ ઉંઘતી રહી હતી અને ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે રામનગર ખાતે સંજયભાઈ મહેરા ભોઈના મકાન પાછળ દરોડો પાડયો હતો. આ જગ્યાએ બુટલેગર રાજેશભાઈ ઉર્ફે બોડો મંગળભાઈ મહેરા (ભોઈ) તેના મળતિયા માણસો જાહેરમાં વિદેશી દારૂ વેચતો હોવાની બાતમીને આધારે સ્ટેટ મોનીટરીંગ સેલ ત્રાટકી હતી. પોલીસે દરોડો પાડતાં કાપડના થેલામાં વિદેશી દારૂ લઈને ઉભા રહેલા વિષ્ણુ રમેશભાઈ વાઘેલાને પોલીસે ઝડપી લીધો હતો. તે જગ્યાએથી એક એક્ટિવા અને કાર પણ જપ્ત કરવામાં આવી હતી અને કારમાંથી પણ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે ઝડપી લીધેલ વિષ્ણુભાઈ વાઘેલાની પુછપરછ કરતાં રાજેશભાઈ ઉર્ફે બોડો મહેરા દારૂનો ધંધો કરે છે અને ૧૫ દિવસથી તે દારૂનુ છૂટક વેચાણ કરવા આવે છે. સંજયભાઈ રણછોડ મહેરા પણ દારૂ વેચવા આવતો હોવાનું તેમજ અજયભાઈ રમણભાઈ મહેરા દારૂના ધંધા પર આવી દારૂનો સ્ટોક પુરો થઈ જાય ત્યારે એક્ટિવા પર આપી જાય છે તેમ જણાવ્યું હતું.

દારૂની રેડ બાદ બોટલો અને ટીન મળી ૮૪ હજાર રૂપિયાની ૭૭૩ બોટલો, મોબાઈલ,૧૨ હજાર રોકડા,દોઢ લાખની કાર, ૫૦ હજારનું ટુ વ્હીલર મળી કુલ ત્રણ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો અને વિષ્ણુભાઈ રમેશભાઈ વાઘેલા, રાજેશભાઈ ઉર્ફે બોડો મંગળભાઈ મહેરા (ભોઈ),અજય રમણભાઈ મહેરા, સંજયભાઈ રણછોડભાઈ મહેરા,કાર માલીક જયદીપ રાયમલભાઈ ચૌહાણ,એક્ટિવા માલીક અને વિદેશી દારૂ પુરો પાડનાર વ્યકિતઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધવામાં આવી હતી.

# બાલાસિનોર બેંક ઓફ બરોડા શાખામાં અપૂરતા સ્ટાફથી ગ્રાહકો પરેશાન

## બેંકમાં નોકરી કરતા કર્મચારીઓ વારંવાર ફોન ઉપર રહેતા હોય ગ્રાહકોને મુશ્કેલી પડે છે.

બાલાસિનોર, બાલાસિનોર ખાતે આવેલ બેંક ઓફ બરોડા શાખામાં ગ્રાહકોને મુશ્કેલીઓ વેચવી પડી રહી છે. આ બેંકમાં અપૂરતા સ્ટાફને કારણે ગ્રાહકોનો સમય બગડે છે. ઓછા સ્ટાફમાં પણ કર્મચારીઓને ફોન આવી જાય તો તેઓ ફોનમાં લાગેલા રહે છે અને ગ્રાહકો ને રાહ જોવી પડી રહે છે.બાલાસિનોર ખાતે બેન્ક ઓફ બરોડાની શાખા આવેલી છે. આ શાખામાં બાલાસિનોર ઉપરાંત આસપાસના ગામડાઓના અનેક ગ્રાહકોના ખાતા છે અને વિવિધ કામ અર્થે લોકો બેંકમાં આવે છે. પરંતુ બેંક અપૂરતા સ્ટાફને કારણે ગ્રાહકોને સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. બેંકમાં તમામ સ્ટાફ હિન્દીભાસી હોય ગ્રામ્ય વિસ્તારમાંથી આવતી પ્રજા સાથે તાલમેલ થઈ શકતો નથી. ગ્રાહકો કરે તે બેંકના કર્મચારીઓ સમજી શકતા નથી અને બેંકના કર્મચારીઓ જે વાત કરે તે ગ્રાહકો જલ્દી સમજી શકતા નથી. ઉપરોક્ત બેંકના કર્મચારીઓ અને વારંવાર ફોન આવી જતાં પોતાની જગ્યા છોડીને વાતોમાં લાગેલા રહે છે. પરિણામે ગ્રાહકોને લોબો સમય સુધી રાહ જોવી પડે છે. બેંકમાં વિવિધતા માટે આવતા ગ્રાહકો વિવિધ સમસ્યાઓથી પરેશાન થઈ રહ્યા હોય ઝડપથી આ સમસ્યાઓનો નિકાલ કરવામાં આવે તેવી ગ્રાહકો માંગ ઉઠાવી રહ્યા છે.

# માખીનો ઉપદ્રવ કેવા પ્રકારના વિસ્તાર કે ઘરોમાં થઈ શકે તે અંગેની જાણકારી સમીક્ષા બેઠક યોજાઈ

દાહોદ, ચાંદીપુરા વાયરસના લક્ષણો અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે ગુજરાત રાજયના આરોગ્ય વિભાગ દ્વારા ઠેર ઠેર માર્ગદર્શન આપવામાં આવે છે. જે અન્વયે દાહોદ જીલ્લાના જીલ્લા પંચાયત કચેરી ખાતે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. ઉદય ટીલાવતની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી.



સેન્ડ ફલાય એક પ્રકારની રેતની માખી છે. માખીનો ઉપદ્રવ કેવા પ્રકારના વિસ્તાર કે ઘરોમાં થઈ શકે તે અંગેની જાણકારી સમીક્ષા બેઠક યોજાઈ હતી. મેડિકલ ઓફિસર તાલુકા હેલ્થ ઓફિસર સુપરવાઈઝરોને માખીનો ઉપદ્રવ કયા પ્રકારનો, કયા વિસ્તાર અને ઘરોમાં થઈ શકે છે તેની સમીક્ષા કરવામાં આવી હતી. રોગ અટકાયત માટે જીલ્લામાં સતત મેલેથિયોન પાવડરથી ડસ્ટિંગ કરવામાં આવી રહ્યું છે. આ બેઠકમાં તાલુકાના છેવાડાના વિસ્તારો સુધી વાયરસ સંબંધી સંપૂર્ણ માહિતી મળે તે અંગે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. ઉદય ટીલાવતએ સૂચનો કર્યા હતા.

સેન્ડફફલાય કઈ જગ્યાએ રહે, સેન્ડફલાય ઘરની અંદરની બાજુએ કાચી કે પાકી દિવાલ પર ભેજવાળા વાતાવરણમાં રહે છે.સેન્ડફ્લાયની ઉત્પત્તિ સેન્ડફલાય તેની ઉત્પત્તિ માટે ઈંડા મુકે છે. તેમાંથી મચ્છરની જેમ ઈયળ, કોશેટો અને તેમાંથી પુખ્ત માખી બને છે. આ સેન્ડફલાય નરી આંખે જોઈ શકાય તેવી સામાન્ય માખી કરતા ચાર ગણી નાની હોય છે. સેન્ડફલાય ઘરની અંદરની બાજુએ તેમજ બહારની પાકી કે કાચી દિવાલ પરની તિરાડો તેમજ ભેજવાળા વાતાવરણમાં ઈંડા મુકે છે. ગ્રામ્ય વિસ્તારોના ઘરોમાં ખાસ કરીને ગાર-લીપણવાળા ઘરોમાં દિવાલની તિરાડો તેમજ દિવાલમાં રહેલા નાના છિદ્રોમાં રહે છે.

જેમાં ચાંદીપુરા વાયરસ વિશે આરોગ્ય વિભાગ દ્વારા સંપૂર્ણ માહિતી અપાઈ હતી. ૯ માસથી લઈને ૧૪ વર્ષ સુધીના બાળકોને ચાંદીપુરા વાયરસની વધુ અસર કરે છે અને આ વાયરસ સેન્ડ ફલાય વાહકથી ફેલાય છે. આ રોગમાં બાળકોને સખત તાવ આવવો, ઝાડા થવા, ઉલ્ટી થવી, ખેંચ આવવી, બેભાન થવું સહિતના લક્ષણો જોવા મળે છે. આ વાયરસથી બચવા ૧૪ વર્ષ સુધીના બાળકોને જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીમાં સુવડાવવું, શક્ય હોય ત્યાં સુધી ખુલ્લા શરીરે ઘરની બહાર આંગણામાં (ધુળમાં) રમવા ન દેવા અને શરીરે આખા કપડા પહેરવા, સામાન્ય તાવની અસર હોય તો ડોક્ટરનો સંપર્ક કરવો અને યોગ્ય સારવાર લેવા સહિતની બાબતોથી માહિતગાર કર્યા હતા. વધુમાં તાલુકાકક્ષાએ સઘન સર્વેલન્સ, વેક્ટર કન્ટ્રોલ કામગીરી, ડસ્ટીંગ કામગીરી અને રિપોર્ટીંગ બાબતે વિગતવાર ચર્ચા અને સુચનો આપવામાં આવ્યા હતા.આ પ્રયત્નોના ભાગરૂપે અગમચેતી રાખીને દાહોદ જીલ્લાના જેમાં કાચા મકાનો અને ઢોર-કોઠાર એરિયામાં રોગ અટકાયત માટે મેલેથિયોન પાવડરથી ડસ્ટિંગ કરવામાં આવી રહ્યું છે.

દાહોદ જીલ્લામાં કોઈ પણ બાળકમાં લક્ષણો દેખાતા દર્દીને દવાખાને સારવાર માટે તાત્કાલિક દાખલ કરવા અને લોકોને સાવચેત રહેવા દાહોદ જીલ્લા આરોગ્ય અધિકારી ડો. ઉદય ટીલાવત દ્વારા અપીલ કરવામાં આવી છે. આ બેઠકમાં જીલ્લાના આરોગ્યના અધિકારી ઓ, સહિત કર્મચારી ઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ જીલ્લામાં રેટીયા ઊંચવાણીયા ગામે ચાંદીપુરા વાયરલ એન્કેફેલાઈટીસ વેક્ટરના નિયંત્રણ અને અટકાયત માટે દવાનો છંટકાવ કરવામાં આવયોં

દાહોદ, રાજય સરકારના આરોગ્ય તંત્ર દ્વારા લેવાયેલા રોગચાળા નિયંત્રણ પગલાંઓ ઉપરાંત રોગ નિવારણ માટે સમગ્ર રાજયમાં સઘન સર્વેલન્સ અને દવા છંટકાવ માટે ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે.

આ પ્રયત્નોના ભાગરૂપે અગમચેતી રાખીને દાહોદ જીલ્લાના રેટીયા અને ઊંચવાણીયા ગામે દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજયના આરોગ્ય તંત્ર દ્વારા ચાંદીપુરા વાયરસ એન્કેફેલાઈટીસ વેક્ટરના નિયંત્રણ અને અટકાયત માટે સઘન પગલાંઓ લેવાનાં શરૂ કરવામાં આવ્યાં છે. જેમાં કાચા મકાનો અને ઢોર-કોઠાર એરિયામાં રોગ અટકાયત માટે મેલેથિયોન પાવડરથી ડસ્ટિંગ કરવામાં આવી રહ્યું છે.

# ચોમાસા સિઝન માટે બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે ખેડુતો દ્વારા રાખવાની થતી કાળજી

નડિયાદ, ખેડા જીલ્લાના તમામ ખેડૂતોને ચોમાસુ સીઝન માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે રાખવાની થતી કાળજી અંગે જણાવવાનું કે બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ/ પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ ખરીદી કરવાનો આગ્રહ રાખવો. કોઈપણ મંજોગોમાં લાયસન્સ/ પરવાનો ધરાવતા ન હોય તેવા વ્યક્તિઓ, પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ ખેતી માટે જરૂરી વિવિધ ઈનપુટોની ખરીદી કરવી નહી. જેથી છેતરપીંડીથી બચી શકાય.

બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પુર નામ, સરનામું ખરીદેલ ઈનપુટનું નામ, લોટ નંબર વિગેરે વિગત દર્શાવતું બીલ સહી સાથે અવશ્ય લેવું. કોઈપણ સંજોગોમાં મુદત પૂરી થયેલ હોય તેવા ઈનપુટોની ખરીદી કરવી નહી. હંમેશા વૈજ્ઞાનિક ભલામણ મુજબનાં જથ્થામાં જ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનો કાર્યક્ષમ ઉપયોગ કરવો. પાકને નિંદામણ મુકત રાખવો જેથી નિંદામણને કારણે પાક પર થતી માઠી અસર નિવારી શકાય. અનઅધિકૃત અથવા ભળતા નામના અમાન્ય બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનું વેચાણ થતુ હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક સંબંધિત ખેતીવાડી અધિકારી અથવા જીલ્લાના નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)ને તુરંત જાણ કરવી.

ખરીદ કરેલ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓના ઉપયોગને લીધે ઉભા પાકમાં કોઈ ફરીયાદ જણાય તો આવી ફરીયાદના નિવારણ અર્થે સરકાર દ્વારા જીલ્લા કક્ષાની ઉભા પાકની કમિટિની રચના કરવામાં આવેલ છે. જેના અધ્યક્ષ જે તે જીલ્લાના જીલ્લા ખેતીવાડી અધિકારી તથા સભ્ય તરીકે જે તે જીલ્લાના નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) તથા કૃષિ યુનિવર્સીટી કૃષિ નિષ્ણાંતોનો સમાવેશ કરવામાં આવેલ છે. ઉભા પાકની ફરીયાદ માટે અરજદાર દ્વારા સંબંધિત જીલ્લાના જીલ્લા ખેતીવાડી અધિકારીને ફરીયાદ કરવાની રહે છે તથા ફરીયાદના આધારે ઉભા પાકની કમીટી દ્વારા સ્થળની મુલાકાત કરી જે તે હકીકત હોય તે મુજબ નુકશાનીના અંદાજ સાથે ખેડૂતને અહેવાલ આપવામાં આવે છે. જે ખેડૂતોને કાયદાકીય કાર્યવાહીમાં મદદરૂપ થાય છે. તેમ નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) નડિયાદ દ્વારા જણાવવામા આવ્યું છે.

## જવાહર નવોદય વિદ્યાલય, કઠલાલ, ખેડા દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં ધોરણ ૫-(પાંચમાં) ભણતા વિદ્યાર્થીઓ તરફથી ઓનલાઈન આવેદન પત્ર મંગાવવામાં આવે છે

નડિયાદ, હાલ ધોરણ-૫ ખેડા જીલ્લાની સરકારી માન્યતા પ્રાપ્ત શાળામાં વિદ્યાર્થી ભણતા વિદ્યાર્થીઓ કે જેમની જન્મ તારીખ ૦૧-૦૫-૨૦૧૩ થી ૩૧-૦૭-૨૦૧૫ ની વચ્ચે હોય તથા જવાહર નવોદય વિદ્યાલય માં ધોરણ - ૬ માં પ્રવેશ લેતા સમયે ઉમેદવારે ધોરણ ૫ ની પરીક્ષા પાસ કરેલી હોય તે વિદ્યાર્થીઓ માટે જવાહર નવોદય વિદ્યાલય, કઠલાલ, ખેડા દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં ધોરણ ૫-(પાંચમાં) ભણતા વિદ્યાર્થીઓ તરફથી ઓનલાઈન આવેદન પત્ર મંગાવવામાં આવે છે

પ્રવેશ પત્ર ભરવાની અંતિમ તારીખ : ૧૬-૦૯-૨૦૨૪ છે. ઓનલાઈન અરજી www.nvsadmission classvi.in અથવા www.navodaya.gov.in પરથી ભરી શકાય છે. પ્રવેશ પરીક્ષા તારીખ ૧૮-૦૧-૨૦૨૫ રહેશે. વધુ માહિતી માટે ૦૨૬૯૧૨૪૩૪૭૭ નંબર પર સંપર્ક કરવા આચાર્ય જવાહર નવોદય વિદ્યાલય કઠલાલની અખબારી યાદીમાં જણાવેલ છે.

## સરકારી આઈ.ટી.આઈ- કપડવંજ ખાતે રોજગાર ભરતીમેળો તેમજ પ્રેરણાત્મક સ્વરોજગાર શિબિર યોજાશે

નડિઆદ, જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ખેડા-નડીઆદ દ્વારા રોજગારવાંચ્છુ ઉમેદવારોના લાભાર્થે તા.૨૪-૦૭-૨૦૨૪ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે સરકારી આઈ.ટી.આઈ-કપડવંજ ખાતે રોજગાર ભરતીમેળો તેમજ સ્વરોજગાર શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. આ રોજગાર ભરતીમેળામાં ખેડા જીલ્લાના તેમજ જીલ્લા બહારના નોકરીદાતાઓ દ્વારા કુશળ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવશે. જેમાં ૧૮ થી ૩૦ વર્ષની ઉંમરના ધો. ૧૦ પાસ /૧૨ પાસ/ આઈ.ટી.આઈ- ફિટર/ ઈલેકટ્રીશીયન/વાયરમેન/ટર્નર તથા કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક જેવી લાયકાત ધરાવતા ફકત શારીરિક સશક્ત ઉમેદવારો ભાગ લઈ શકશે.

રોજગાર ભરતી માટે ઈચ્છુક ઉમેદવાર અનુબંધમ પોર્ટલ www.anubandham.gujarat.gov.in ઉપર રજીસ્ટ્રેશન કરી શકે છે. આ રોજગાર ભરતી મેળાનું અનુબંધમ જોબફેર આઈ.ડી. JF817339966 છે. ભરતીમેળામાં અસલ પ્રમાણપત્રોની ઝેરોક્ષ નકલો અને બાયોડેટા સાથે લાવવાના રહેશે. આ ભરતીમેળામાં રોજગાર કચેરીમાં નામ નોંધણી કરાવેલ અને નોંધણી વગરના માત્ર ખેડા જીલ્લાનાં જ રોજગારવાંચ્છુ ઉમેદવારો ભાગ લઈ શકશે. એમ જીલ્લા રોજગાર અધિકારી દ્વારા જણાવાયું છે.

## આપની આજ.......

મેષઃ આજનો દિવસ ગુરુ પ્રત્યેની નિષ્ઠા અને ભક્તિથી ભરપુર રહેશે. આ સમયે આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થશે. તમે અટકેલા પૈસા પ્રાપ્ત કરશો. નોકરીમાં પ્રમોશન તમે ચોક્કસપણે મેળવી શકશો.

વૃષભઃ આજે તમારો દિવસ ભાગ્યશાળી રહેશે. ઘરે અને બહારના વધુ સર્પોટિવ વાતાવરણને કારણે લગભગ તમામ કાર્યો સરળતાથી પૂર્ણ કરવામાં આવશે, પરંતુ ઉધાર સંબંધિત વર્તણૂકને લીધે થોડી ચિંતા થઈ શકે છે.

મિથુનઃ તમારો દિવસ સામાન્ય કરતા વધારે શુભ રહેશે. સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્ર પર તમને તમારી પ્રતિભા બતાવવાની તક મળશે. પૈસાના ફાયદા માટે આજે થોડી વધુ બૌદ્ધિક અને શારીરિક મહેનત કરવી પડી શકે છે.

કર્કઃ તમારા સારા કાર્યોથી તમારા અને તમારા પરિવારનું ગૌરવ વધશે. તમને તમારી નિર્ણય લેવાની ક્ષમતાનો લાભ પણ મળશે. આજે સામાજિક અને ધાર્મિક કાર્યમાં સહકાર આપશો.

સિંહઃ આજનો દિવસ ઉતાર-ચઢાવનો રહેશે. તમારી વિચારસરણીમાં નિરાશા ના આવવા દો. વધુ વ્યસ્ત કાર્યને લીધે સામાજિક ક્ષેત્રથી અંતર રહેશે. પૈસાના લાભ માટે કરવામાં આવતા પ્રયત્નોમાં મુશ્કેલીઓ સફળતા તરફ દોરી જશે. પ્રેમ સંબંધના કારણે કોઈની સાથે વિવાદ થઈ શકે છે.

કન્યાઃ આજનો દિવસ તમારા માટે મિશ્રિત રહેશે. અતિશય ભાવુક રહેશો. આ કારણોસર ઘર અને બહારનું વાતાવરણ દૂષિત થઈ શકે છે. આર્થિક આયોજનોને પૂરા કરવામાં અવરોધ આવી શકે છે, પરંતુ બાદમાં પરિસ્થિતિ તમારા પક્ષમાં રહેશે, લાભની તકો મળશે.

તુલાઃ આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે. પ્રતિસ્પર્ધકો હારશે અને કાર્ય ધંધો પહેલા કરતા વધુ સારી રીતે ચાલશે. તમારી મોટાભાગની આયોજિત યોજનાઓ સફળ થશે, જેનાથી આત્મવિશ્વાસ વધશે. ધંધામાં નવા પ્રયોગો વધારે ફાયદો લાવશે.

વૃશ્ચિકઃ તમને આજે થોડી કાળજી લેવાની સલાહ આપવામાં આવી છે, કોઈ ભૂલને લીધે તમારા મનમાં થોડી પીડા થઈ શકે છે. આજે બાકી રહેલા સરકારી કામોને કારણે સમય અને નાણાંનો વ્યય થઈ શકે છે.

ધનઃ ધંધામાં ઝડપથી નિર્ણય ના લેવાને કારણે કામમાં અડચણ અને નુકસાન થઈ શકે છે. નોકરી કરનારાઓના અધિકારમાં વધારો કરી શકાય છે. કોઈપણ માંગલિક કાર્યક્રમમાં ભાગ લઈ શકો છો. આજે ખર્ચા કરશો.

મકરઃ આજે ધૈર્યથી કાર્ય કરો કારણકે ઉતાવળા કામોને લીધે નુકસાનની સંભાવના છે. ભૌતિક સુવિધાઓ વધશે અને તમે તમારા હાથમાં મોટી રકમ મેળવીને ખુશ થશો. પેટ સાથે સંબંધિત પાચન કાર્ય અને પેટની વિકૃતિઓ મુશ્કેલીકારક હોઈ શકે છે.

કુંભઃ દિવસના પહેલા ભાગમાં તમે મૂંઝવણમાં આવી શકો છો. કોઈ પણ કાર્યમાં સ્પષ્ટતાના અભાવને કારણે કાર્ય અટકી શકે છે, ફક્ત મન જ કાર્યોની રૂપરેખા બનાવશે. ધીરે ધીરે પરિસ્થિતિ સ્પષ્ટ થઈ જશે.

મીનઃ આ દિવસે તમે તમારા જીવન સાથેના તમામ કાર્યો કરી શકશો, પરંતુ તેમ છતાં સફળતા મેળવવામાં શંકા રહેશે. નિયમોનું પાલન ના થવાને કારણે સરકારી કામ પણ અધૂરા રહેશે.

# આજે મોદી સરકાર પોતાના ત્રીજા કાર્યકાળનું પ્રથમ પૂર્ણ બજેટ રજૂ કરશે,મહિલાઓ માટે મહત્વની જાહેરાત કરી શકે છે.

## ૭માં બજેટમાં નાણામંત્રી ૭ જાહેરાત કરે તેવી સંભાવના

નવીદિલ્હી, નાણામંત્રી નિર્મલા સીતારમણ ૨૩ જુલાઈએ સતત સાતમી વખત બજેટ રજૂ કરશે. આ બજેટ રજૂ કરતાંની સાથે જ નિર્મલા સીતારમણ પહેલાં મહિલા નાણામંત્રી બની જશે. આ રેકોર્ડ બનાવવાના માર્ગમાં નાણા મંત્રી સામે એવું બજેટ કરવાનો પડકાર છે, જે મોંઘવારી અને બેરોજગારી જેવી સમસ્યાને ઘટાડી શકે. સાથે જ ઈકોનોમીની સ્પીડમાં પણ તેજી લાવવાનું કામ કરે.મોદી સરકારના ત્રીજા કાર્યકાળના પહેલા બજેટમાં મધ્યમ વર્ગને ટેક્સમાં છૂટની ભેટ મળે તેવી આશા છે. તો નોકરિયાત વર્ગને આશા છેકે નાણામંત્રી આ વખતના બજેટમાં ઈક્રમ ટેક્સમાં ઘટાડા તરીકે મોટી રાહત આપી શકે છે



આ વખતના બજેટમાં મધ્યમ વર્ગને ખુશ કરવા માટે ટેક્સમાં છૂટ આપી શકે છે. ઈક્રમટેક્સની મર્યાદાને ૫ લાખ રૂપિયા સુધી કરી શકે છે. સાથે જ ટેક્સ સ્લેબમાં છૂટછાટ આપીને દરેક વર્ગને રાહત આપી શકે છે. આ સમસ્યાનું સમાધાન કરીને મોદી સરકાર બીજા અનેક સેક્ટરને પણ મદદ કરશે. કેમ એફએમસીજીથી લઈને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સુધી તમામ ગ્રામીણ બજારો પર નિર્ભર છે. આવી જ રીતે ખેતીના ક્ષેત્રમાં પણ અનેક વિકાસલક્ષી યોજનાઓ જાહેર થઈ શકે છે.ખેડૂતોને ઉત્પાદનનું યોગ્ય મૂલ્ય મળે તે માટે એમએસપીની ખામીઓ દૂર કરી શકે છે. ઉત્પાદનની સરકારી ખરીદી કુલ ઉપજની માત્ર ૬ ટકા જ છે. કૃષિ બજારો અને ગ્રામ હાટ જેવી વૈકલ્પિક સિસ્ટમ તૈયાર કરી શકે છે. આવી સિસ્ટમથી ખેડૂતોને એમએસપી જેટલી કિંમત મળી શકે છે.પીએમ કિસાન સન્માન નિધિની રકમને ૬૦૦૦થી વધારીને ૮૦૦૦ કરવામાં આવી શકે છે. આયુષ્માન ભારતનું કવરેજ વધારવામાં આવશે. ગ્રામીણ વિસ્તારોમાં આવાસ યોજનાનો વિસ્તાર કરવામાં આવશે. મનરેગા-રોડ નિર્માણ માટે વધારે રકમ આપવામાં આવી શકે છે.લોકસભાની ચૂંટણીમાં યુવાઓ માટે રોજગાર પણ સૌથી મોટો મુદ્દો હતો. એવામાં સરકાર આ બજેટમાં યુવાઓ પર ખાસ ધ્યાન આપી શકે છે તો રિયલ એસ્ટેટમાં પણ મોટી રાહત મળી શકે છે. ૪૫ લાખ સુધીના મકાન પર મળનારી સબસિડીને ૬૫ લાખ સુધી કરવામાં આવે તેવી માગણી છે તો હોમ લોનના વ્યાજ દરમાં પણ ટેક્સની છૂટની મર્યાદા ૨ લાખથી વધારીને ૫ લાખ કરવામાં આવે તેવી ડિમાન્ડ છે. જ્યારે ૮૦ સીની મર્યાદા દોઢ લાખથી વધારીને અઢી લાખ કરવાની માગ છે.આ સિવાય શિક્ષણ, હોસ્પિટાલિટી અને ઓટો સેક્ટર માટે પણ બજેટમાં અનેક મોટી જાહેરાત થવાની સંભાવના છે મોદી સરકાર મહિલાઓ માટે ખાસ જાહેરાત કરી શકે છે. સરકાર દેશમાં મહિલાઓ માટે મધ્યપ્રદેશની જેમ લાડલી બહેના યોજના લાવી શકે છે. મધ્યપ્રદેશ રાજ્ય સરકાર મહિલાઓને દર મહિને ૧૨૫૦ રૂપિયા આપી રહી છે. હવે કેન્દ્ર સરકાર પણ મધ્ય પ્રદેશ સરકારની યોજના દેશભરમાં લાવી શકે છે. કોવિડ મહામારી દરમિયાન કેન્દ્ર સરકારે જાન્યુઆરી ૨૦૨૦થી જૂન ૨૦૨૧ સુધી ૧૮ મહિના માટે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થા અને પેન્શનર્સની મોંઘવારી રાહતનું પેમેન્ટ રોકી દીધુ હતું. હવે આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે આ ડીએ અને ડીઆર એરિયર કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનર્સને મળી શકે છે. મોદી સરકારને ૧૮ મહિનાના ડીએ એરિયર રિલીઝ કરવાનો પ્રસ્તાવ મળ્યો છે અને સંભાવના છે કે સરકાર ૨૩ જુલાઈએ રજૂ થનાર પૂર્ણ બજેટમાં તેની જાહેરાત કરી શકે છે.

કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે સંયુક્ત સલાહકાર મશીનરી, રાષ્ટ્રીય પરિષદ (કર્મચારી પક્ષ) ના સચિવ શિવ ગોપાલ મિશ્રાએ સરકાર પાસે ૧૮ મહિનાનું રોકવામાં આવેલા બાકી મોંઘવારી ભથ્થાને જારી કરવાનો આગ્રહ કર્યો છે. આ પહેલા ભારતીય પ્રતિરક્ષા મજદૂર સંઘના મહાસચિવ મુકેશ સિંહે પણ કેન્દ્ર સરકાર પાસે પેમેન્ટ રિલીઝ કરવાની માંગ કરી હતી.૧૮ મહિનાનું ડીએ એરિયર હજુ પણ પેન્ડિંગ છે. નાણામંત્રી નિર્મલા સીતારમણને લખેલા પત્રમાં શિવ ગોપાલ મિશ્રાએ કહ્યું છે કે કોવિડ-૧૯ મહામારીને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માટે મોંઘવારી ભથ્થું અને મોંઘવારી રાહત ત્રણ ભાગમાં રોકવામાં આવ્યું હતું. પરંતુ હવે દેશ ધીમે-ધીમે મહામારીના પ્રભાવમાંથી બહાર આવી રહ્યો છે, તો નાણાકીય સ્થિતિમાં સુધાર થઈ રહ્યો છે તે ખુશીની વાત છે.

પ્રધાનમંત્રીને લખેલા પત્રમાં મિશ્રાએ રાષ્ટ્રીય પરિષદના સચિવ (કર્મચારી પક્ષ) ના રૂપમાં ધ્યાન અપાવતા કહ્યું કે ૧૮ મહિનાના ડીએ એરિયરનો મુદ્દો કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનર્સ માટે મહત્વપૂર્ણ છે. જો સરકાર આ પ્રસ્તાવનો સ્વીકાર કરે છે તો કર્મચારીઓને મોટી રકમ પગારમાં મળી શકે છે, જે મોંઘવારીના સમયમાં તેની મદદ કરશે.

જો મોદી સરકાર ૧૮ મહિનાના ડીએ એરિયરના પ્રપોઝલનો સ્વીકાર કરે છે તો તે લાખો કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરો માટે રાહતના સમાચાર હશે. આવતીકાલે બજેટમાં આ મુદ્દે જાહેરાત થાય તેની રાહ કેન્દ્રીય કર્મચારીઓ જોઈ રહ્યાં છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ગુજરાતનાપૂર્વપટ્ટીએવા દાહોદ જીલ્લાસુધી પહોંચી સરકારની આંતર જ્ઞાતિય લગ્ન સહાય યોજના

- આંતર જ્ઞાતિય લગ્ન માટે સરકાર દ્વારા અપાતી રૂ. ૨, ૫૦, ૦૦૦ ની આર્થિક સહાય કરતી યોજના.
- લીમખેડા તાલુકાના રહેવાસી રેલોતી પ્રકાશભાઈ માટે આશીર્વાદરૂપ બની આંતર જ્ઞાતિય લગ્ન સહાય યોજના.
-જાણે અમારો બધો ખર્ચ અને ચિંતા સરકારે ઉઠાવી લીધી - લાભાર્થી પ્રકાશ રેલોતી.



દાહોદ,

ગુજરાત સરકાર સામાજીક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ જેવા વિવિધ વિકાસશીલ કાર્યો તેમજ યોજનાઓ થકી સામાજીક સમરસતા પ્રસ્થાપિત કરવા માટે સંવેદનશીલ અને કટિબદ્ધ બની છે. તેમાંની અનુસૂચિત જાતિ સમાજ માટેની એક યોજના એટલે આંતર જ્ઞાતિય લગ્ન સહાય યોજના.

સમાજમાં રહેલાં અશપૃષ્યતાના દુષણો દૂર થાય તેમજ લોકો એકબીજા વચ્ચે રહેલી નકારાત્મકતાને છોડે, સમાજમાં સમરસતા આવે, હિન્દુ ધર્મની અનુસૂચિત જાતિની વ્યક્તિ હિન્દુ ધર્મની અન્ય જાતિ સાથે લગ્ન કરવા પ્રેરાય તે હેતુથી આંતર જ્ઞાતિય લગ્ન સહાય યોજના અમલમાં મુકવામાં આવી હતી.

દાહોદ જીલ્લો એ ગુજરાતની પૂર્વ પટ્ટીમાં આવેલો એક એવો જીલ્લો છે જ્યાં મોટેભાગે આદિવાસી સમાજ રહે છે, પોતાના જ રીત- રિવાજ અને રસમ વડે તમામ કામોની શરૂઆત કરતા આ આદિવાસી સમાજ સુધી પણ વિવિધ યોજનાઓ પહોંચાડવામાં રાજ્ય સરકાર સફળ રહી છે.

હા, અહીં વાત કરીએ છીએ દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના ઝેર - જીતગઢ ગામના રહેવાસી અને આંતર જ્ઞાતિય લગ્ન સહાય યોજનાના લાભાર્થી પ્રકાશભાઈ મગનભાઈ રેલોતીની. પ્રકાશભાઈ રેલોતી પોતે અનુસૂચિત જાતિના હોવા ઉપરાંત તેમણે અનુસૂચિત જનજાતિની યુવતી જોડે લગ્ન કર્યા છે. પ્રકાશભાઈ રેલોતી પોતે સેન્ટીંગનું કામ કરી ઘર - ગુજરાન ચલાવે છે. તેઓ જણાવે છે કે, હું ફક્ત ૯ ધોરણ સુધી જ ભણેલો છું. મને પહેલા આ યોજનાની જાણ નહોતી. પાછળથી જયારે યોજનાની જાણ થઇ એટલે તરત જ એની બધી વિગતો જાણી, સમજી ને બધા પ્રમાણપત્રો ભેગા કરીને આ યોજનાનો લાભ લેવા માટેની અરજી કરી હતી.

તેઓ વધુમાં ઉમેરતા જણાવે છે કે, અમને બન્નેને લગ્ન પછી આર્થિક રીતે કોઈપણ પ્રકારની તકલીફ નથી પડી. સરકારએ અમને રૂ. ૧, ૦૦, ૦૦૦ નાની બચતના પ્રમાણપત્રો ભેટ સ્વરૂપે તેમજ રૂ. ૧, ૫૦, ૦૦૦ ઘર ગથ્થું સામાન લાવવા માટે મદદ કરી છે, જે રકમ કંઈ નાનીસુની નથી. એ માટે અમે બન્ને સરકારનો ઘણો - ઘણો આભાર માનીએ છીએ.

ભારત સરકાર દ્વારા અનુસૂચિત જાતિના લોકો માટે આંતર જ્ઞાતિય લગ્ન સહાય યોજના અમલમાં મુકવામાં આવી છે. જેના કારણે ઘણા લોકોને આર્થિક રીતે સહાય મળી રહી છે. રાજ્ય સરકારની આવી અનેક કલ્યાણકારી યોજનાઓ અમલી છે. સમાજના લોકો સહિત દરેક સમાજનો પણ વિકાસ થાય તેમજ સમાજ દુષણ મુક્ત બને તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ રહી છે.

# સંકલન બેઠકમાં પ્રજાની સમસ્યાઓને સમય મર્યાદામાં નિવારવા કલેક્ટરે દ્વારા તાકીદ કરાઈ

**વીજળી, પાણી, સિંચાઈ, રસ્તા અને ટ્રાફિકની સમસ્યા તેમજ વરસાદી પાણીના નિકાલ વગેરે મુદાઓ અંગે સમીક્ષા કરાઈ.**



દાહોદ,

જીલ્લા કલેક્ટર યોગેશ નિરગુડેના અધ્યક્ષસ્થાને જીલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક જીલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે યોજાઇ હતી.

આ બેઠકમાં જીલ્લા પંચાયત પ્રમુખ કરણસિંહ ડામોર, ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા,ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી,ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર સહિતના પદાધિકારીઓ દ્વારા વીજળી, પાણી, સિંચાઈ, જીલ્લામાં ટ્રાફિકની સમસ્યા નિવારવા, નેશનલ હાઈવે પરના ખાડા સહિત વરસાદી પાણીના નિકાલ, બાબતે અંગેના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા.

આ પ્રશ્નો અંગે જરૂરી સમીક્ષા કરી જીલ્લા કલેક્ટર યોગેશ નિરગુડે દ્વારા સંબંધિત વિભાગોને સમય મર્યાદામાં યોગ્ય કાર્યવાહી કરવા તેમજ પ્રજાને પડતી સમસ્યાઓને પણ તાત્કાલિક ધોરણે નિવારવા સૂચના આપવામાં આવી હતી.વધુમાં કલેકટર યોગેશ નિરગુડેએ ચાંદીપૂરા વાઈરસ અંગે જણાવ્યું હતું કે, આ રોગ અટકાયત ઝુંબેશના ભાગરૂપે આરોગ્ય કાર્યકરો દ્વારા જીલ્લાના દરેક તાલુકાના ગામોમાં હાઉસ ટુ હાઉસ સઘન સર્વેલન્સની કામગીરી કરવામાં આવી રહી છે. આવા કોઈ પણ ચિન્હો ધરાવતા દર્દીઓ જોવા મળે તો તેમને તાત્કાલિક જીલ્લા કક્ષાની હોસ્પિટલમાં રિફર કરવા ગામના આશા બહેન, આંગણવાડી કાર્યકર, આરોગ્ય કર્મચારી તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આરોગ્ય કર્મીઓને જણાવવામાં આવેલ છે. સેન્ડ ફલાય વેકટરથી થતો આ રોગ સામાન્ય રીતે ૦ થી ૧૪ વર્ષના બાળકોને વધુ અસર કરે છે, તો બાળકોમાં કોઈપણ પ્રકારના તાવ, ઉબકા- ઉલટી, ખેંચ આવવી, નબળાઈ આવવી કે અર્ધભાન કે બેભાન થવાના લક્ષણો જણાય તો તાત્કાલિક હોસ્પિટલે પહોંચવા કલેક્ટર દ્વારા લોકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ,જીલ્લા પોલીસ વડા ડો રાજદીપસિંહ ઝાલા, પ્રાયોજના વહીવટદાર સ્મિત લોઢા, નિવાસી અધિક કલેક્ટર જે.એમ. રાવલ,જીલ્લા ગ્રામવિકાસ એજન્સીના નિયામક બી.એમ.પટેલ, જીલ્લા પુરવઠા અધિકારી મીતેશ વસાવા, નાયબ વન સંરક્ષક અમિત નાયક, તમામ પ્રાંત અધિકારી ઓ ,સહિત જીલ્લાના સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આદિવાસી વિસ્તારોનો ઝડપી વિકાસ થાય એ માટે રાજય સરકાર કટિબદ્ધ



દાહોદ,

દાહોદ જીલ્લાના પ્રભારી મંત્રી ડો કુબેરભાઈ ડીંડોરની અધ્યક્ષતામાં વિવિધ વિકાસના કામોની સમીક્ષા બેઠક યોજાઇ હતી. જીલ્લાના ગ્રામ્ય વિસ્તારો અને શહેરી સ્લમ વિસ્તારોમાં મેલેથિયોન ડસ્ટિંગની અને સ્પ્રેનો છંટકાવ કરવાની કામગીરી હાથ ધરાઇ છે. મંત્રીએ જીલ્લાના તિરાડ વાળા કાચા મકાનો, આંગણવાડી, શાળા અને તેની આસપાસના વિસ્તારો સહિત ગામમાં ગંદકી ધરાવતા વિસ્તારોમાં જંતુનાશક દવાઓનો છંટકાવ કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત જીલ્લાના ગામડાઓમાં સર્વેક્ષણની કામગીરી હાથ ધરવા જણાવ્યું હતું. જીલ્લામાં મુખ્ય આરોગ્ય અધિકારી એ જીલ્લામાં થઈ રહેલી કામગીરી અંગે મંત્રીને વિસ્તારે માહીતી આપી હતી.બેઠકમાં મંત્રી ડો કુબેરભાઈ ડીંડોરએ જણાવ્યું કે, દાહોદ જીલ્લાને વિકાસની નવી ઊંચાઈએ લઈ જવા માટે સર્વે લોકપ્રતિનિધિ અને અધિકારીઓએ એક ટીમ બનાવીને કામગીરી કરવી જોઈએ. જીલ્લાના તમામ વિસ્તારોનો સર્વાંગી વિકાસ થાય, જીલ્લામાં વિવિધ વિકાસલક્ષી યોજનાઓ માટેના કામો ઝડપભેર અને ગુણવત્તાયુક્ત થાય એ માટે સૌના સહિયારા અને સઘન પ્રયાસોની જરૂર છે. આદિવાસી વિસ્તારોનો ઝડપી વિકાસ થાય એ માટે રાજય સરકાર કટિબદ્ધ છે આદિવાસી વિસ્તારોના વિકાસ કાર્યો માટે સરકાર દ્વારા કોઇ બજેટકાપ મૂકવામાં આવ્યો નથી.વધુમાં શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોર અને મહાનુભાવોના હસ્તે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષણ સહાયકોના પાંચ ઉમેદવારોને ભલામણ પત્રો એનાયત કરાયાબેઠકમાં જીલ્લામાં જનહિતને લગતા વિકાસના કામોની સમીક્ષા કરવામાં આવી હતી. જીલ્લામાં પૂર્ણ કરવામાં આવેલા કામો, પ્રગતિ હેઠળના કામોની ઝીણવટપૂર્વકની સમીક્ષા કરાઇ હતી.બેઠકમાં પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડી અને જનહિતના કામો ઝડપથી પૂર્ણ કરવા અને લોકપ્રશ્નોનો સકારાત્મક નિકાલ લાવવા સૂચના આપી હતી. સાંસદ જશવંતસિંહ ભાભોરે કેન્દ્ર અને રાજ્ય સરકારની આદિજાતિ વિસ્તારમાં વિકાસના કામો ઝડપથી થાય એ માટે સંબધિત અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. કલેક્ટર યોગેશ નિરગુડે એ જીલ્લાના વિકાસ કાર્યો બાબતે મંત્રીને માહિતગાર કર્યા હતા

આ બેઠકમાં જીલ્લા પંચાયત પ્રમુખ કરણસિંહ ડામોર, ધારાસભ્ય સર્વ કનૈયાલાલ કિશોરી , રમેશભાઈ કટારા, મહેશભાઈ ભુરીયા, શૈલેષભાઈ ભાભોર, મહેન્દ્રભાઈ ભાભોર જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ,જીલ્લા પોલીસ વડા ડો રાજદીપસિંહ ઝાલા, પ્રાયોજના વહીવટદાર સ્મિત લોઢા, નિવાસી અધિક કલેક્ટર જે.એમ.રાવલ, જીલ્લા ગ્રામવિકાસ એજન્સીના નિયામક બી.એમ.પટેલ, તમામ પ્રાંત અધિકારી ઓ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# દાહોદ જીલ્લાની સબ જેલ ખાતે હેલ્થ કેમ્પ યોજાયો



દાહોદ,

જીલ્લા ક્ષય અને HIV અધિકારી ડો. આર.ડી.પહાડિયાના માર્ગદર્શન હેઠળ "વર્લ્ડ હિપેટાઈટીસ દિવસ" ઉજવણીના ભાગરૂપે દાહોદ સબ જેલ ખાતેહેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રેટીયાના ડો.ભાર્ગવ, લેબટેક ડાપકું સ્ટાફ, TB તથા ICTCના સ્ટાફ તથા જેલર અને કેદીઓ પણ હાજર રહ્યા હતા.

આ કેમ્પમાં ડો. ભાર્ગવ દ્વારા હેલ્થ કેમ્પના મુખ્ય ઉદ્દેશ્ય વિશે માહિતી આપવામાં આવી હતી. તેમજ HIV - TB- હિપેટાઈટીસ B-C વિશે ૧૧પણ વિશેષ માહિતી આપવામાં આવી હતી. જેમાં ચેપગ્રસ્ત સોય અને શાહીનો ઉપયોગ કરવાથી હિપેટાઈટિસ અને ઈ ફેલાય છે, ટેટૂ અને કાન વિંધવા માટે સ્વચ્છ સાધનો તથા નવી સોય અને શાહીનો ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવું, જાગૃત રહેવું અને સુરક્ષિત રહેવાજેવીમાહિતી આપવામાં આવી હતી.

ઉપરાંત ICTC સ્ટાફ દ્વાર IEC કરી HIV/ટીબી/ હિપેટાઈટિસ વિશે માહિતી આપવામાં આવી હતી. હાલમાં ચાલી રહેલા ચાંદીપુરમ વાઈરસ વિશે ખાસ માહિતગાર કરવામાં આવ્યા હતા. તે અંગેની કરવામાં આવતી જરૂરી સાવચેતી માટે અનુરોધ પણકરવામાં આવ્યો હતો.

# દાહોદના પ્રકૃતિ મિત્ર મંડળ અને સામાજીક વનીકરણ વિભાગ (ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ) ના સંયુક્ત ઉપક્રમે વિનામૂલ્યે ફળ, ફૂલના રોપા વિતરણનો કાર્યક્રમ યોજાયો



દાહોદ,

પ્રકૃતિ મિત્ર મંડળની પર્યાવરણને જાળવી રાખવાની શૃંખલા અંતર્ગત આજે તા.૨૧/૦૭/૨૦૨૪ના રવિવારના ગુરૂ પૂર્ણિમાના પાવન અવસરે પ્રકૃતિ મિત્ર મંડળની પ્લાન્ટેશન સાઈટના ગેટ નંબર ચાર ખાતે વિનામૂલ્યે રોપા વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જે પાછલા કેટલાય વર્ષોથી ચાલી આવતી દાહોદને ગ્રીન સિટી બનાવવાના પ્રયત્નોના એક ભાગરૂપે આયોજીત થયેલ હતો.

પાછલા અઠવાડિયા થી પર્યાવરણ માટે જાગૃત દાહોદ ના નગરજનો પાસેથી વિના મૂલ્ય રોપા મેળવવા માટે અરજી મંગાવવામાં આવી હતી અને જણાવતા ખુબ આનંદ થાય છે કે ૨૫૦ (બસ્સો પચાસ) કરતાં પણ વધારે અરજીઓ આ રોપા મેળવવા માટે આવી હતી.

પ્રકૃતિ વિતરણ મંડળ દ્વારા ખૂબ મોટી સંખ્યામાં નાના-મોટા છોડ, ફળાઉ, આરોગ્ય વર્ધક, કુંડામાં નાખી શકાય, મોટા વિસ્તારમાં નાખી શકાય એવા વિવિધતા ધરાવતા વિપુલ સંખ્યામાં રોપાઓ રાખવામાં આવ્યા હતા.

દાહોદની વિવિધ ધાર્મિક સંસ્થાઓ, મંદિરો, સ્મશાન ગૃહ અને ઉલ્લેખનીય છે કે શૈક્ષણિક સંસ્થાઓ (૪૫+) દ્વારા મોટા પાયે આરજીઓ આપવામાં આવી હતી અને ખૂબ બહોળા પ્રમાણમાં નગરજનોએ આજ રોજ આ વિના મૂલ્ય રોપા વિતરણ કાર્યક્રમનો લાભ લીધો.

પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા અંદાજે ૪,૫૦૦ જેટલા રોપાઓનું વિતરણ આજ રોજ સવારના ૦૯:૦૦ કલાક થી ૧૨:૦૦ કલાક દરમિયાન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં દાહોદના શહેરીજનો, બાળકો સૌએ ઉત્સાહભેર રોપાની સાથે સાથે વિના મૂલ્યે માટી તથા ખાતર લેવાનો પણ લાભ લીધો હતો.

ખૂબ જ શિસ્તબદ્ધ રીતે આયોજીત આ કાર્યક્રમના સંચાલન વૃક્ષારોપણ ના પ્રકૃતિ મિત્ર મંડળના કન્વીનર નાસીરભાઈ કાપડિયા અને આશીલ શાહ ની સાથે સહ કન્વીનર રસીદાબેન ગરબાડાવાલા તથા હરીશભાઈ અગ્રવાલ ના નેજા હેઠળ પ્લાન્ટેશન કમિટી દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રકૃતિ મિત્ર મંડળની સૌ કમિટીના સભ્યો, જનરલ સભ્યો વગેરે એ ઉત્સાહભેર આમાં સક્રિયપણે ભાગ લીધો.

સામાજીક વનીકરણ વિભાગ (ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ ) અને પશ્ચિમ રેલવે દ્વારા સતત ખૂબ ઉમદા રીતે સરાહનીય સપોર્ટ આપવામાં આવ્યો જે ઉલ્લેખનીય છે. વન વિભાગના કર્મચારીઓ ખડેપગે આમાં સહાયભૂત થયા. આગામી સમયમાં, આવતા વર્ષોમાં હજુ મોટાપાયે આ જ રીતના કાર્યક્રમો કરી દાહોદના નગરજનોને પર્યાવરણ પ્રત્યે સંકલ્પબદ્ધ કરવા અને તેમના ઉત્સાહને પૂરો પાડવા માટે પ્રકૃતિ મિત્ર મંડળ અચૂક અથાગ પ્રયત્ન કરશે જ. તેવું નાસીરભાઈ કાપડિયાએ જણાવ્યું હતું.

# જેસાવાડાના કિરણસિંહ ચાવડાને મુંબઈ ખાતે સન્માનિત કરવામાં આવ્યા

દાહોદ,

દાહોદ જીલ્લાના જેસાવાડા ગામના વતની કિરણસિંહ ચાવડાને મુંબઈ ખાતે યોજાયેલ ડો. બાબા આંબેડકર દ્વારા સ્થાપિત બહિષ્કૃત હિતકારણી સભાનો ૧૦૦મો સ્થાપના દિવસ તેમજ શિક્ષિત બનો સંઘર્ષ કરો અને સંગઠિત થાવ એ સૂત્રના શતાબ્દી દિવસનો ઉજવણી સમારોહ તારીખ ૨૦/૦૭ / ૨૦૨૪ના શનિવારે ડો. બાબા સાહેબ આંબેડકર ભવન દાદર પૂર્વ ૧૭ એ ગૌતમ નગર મુંબઈ ખાતે સમારોહના ઉદઘાટક ભીમ રાવ યશવંતરાવ આંબેડકર જોઓ રાષ્ટ્રીય કાયોદયક્ષ ધી બુદ્ધિષ્ટ સોસાયટી ઓફ ઈન્ડિયા મુંબઈ અને માન્ય ઈશ્વરભાઈ મકવાણા પૂર્વ રાજયમંત્રી ગુજરાત સરકાર ના વરદ હસ્તે સન્માનવામાં આવ્યા. કિરણસિંહ ચાવડાએ અનુસુચિત જાતિ સૌરભ સામાયિક પ્રેરિત ત્રિસૂત્ર શતાબ્દી ઉજવણી યાત્રા અંતર્ગત દાહોદ જીલ્લાના તમામ તાલુકા મથકોએ તારીખ ૭ અને ૮ ઓક્ટોબર ૨૦૨૩ ના યાત્રા યોજી ને તાલુકા કક્ષાએ કેળવણી મંડળ રચવા માટે પ્રેરવા અને તે સૂત્રના સાર્થક અને અવિરત અમલવારી માટે તારીખ ૧૦ ડિસેમ્બર ૨૦૨૩ ના રોજ દાહોદ જીલ્લા અનુસૂચિત જાતિ કેળવણી મંડળની રચના કરી. જે સૌ માટે અનુકરણીય બની રહેશે. તેઓએ છ જુલાઈ ના રોજ પ્રથમ વખત અનુસૂચિત જાતિના તેજસ્વી તારલાઓનો સન્માનનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

આજના આ મંગલ અવસરે આયુ. ભીમ રાવ યશવંતરાવ આંબેડકરના પાવન સાનિધ્યમાં ગુજરાતમાં સમસ્ત અનુસૂચિત જાતિ સમુદાયને રાજયસ્તરે સંવૈધાનિક પણે સંગઠિત કરવા સંકલ્પબદધ થયા છીએ.

# દાહોદ શહેર માંથી ઘર આંગણે પાર્ક કરેલ બાઈકની ચોરી

દાહોદ,

દાહોદ શહેરના એમજી રોડ ખાતેથી એક રહેણાંક મકાનની બહારથી લોક મારી પાર્ક કરેલ મોટરસાઈકલની રાત્રીના સમયે ચોરી થઈ હોવાનું જાણવા મળે છે.

દાહોદ શહેરના એમજી રોડ ખાતે નોવેલ્ટી સ્ટોર પાસે રહેતાં જગદિશભાઈ પરસોત્તમદાસએ પોતાની મોટરસાઈકલ ગત તા.૨૨મી મેના રોજ રાત્રીના સમયે સમયે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને રાત્રીના સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી ગયાં હતાં. બે મહિના પહેલાની ઘટનાની ફરિયાદમાં જગદિશભાઈ બહાર ગામ હોવાથી જે તે સમયે પોલીસમાં ફરિયાદ કરી શકયા ન હતાં અને બહાર ગામથી આવી ગત તા.૨૧મી જુલાઈના રોજ આ સંબંધે દાહોદ એ ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડા હાટ બજારમાં હેલ્થ મેળો યોજાયો

ગરબાડા,

તા.૧૫ જુલાઇ થી ૨૮ જુલાઇ હિપેટાઇટિસ દિવસની ઊજવણી કરવાની હોય છે. જે અંતર્ગત આજ રોજ તા.૨૧-૦૭-૨૦૨૪ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. ઉદય તિલાવત, જીલ્લાક્ષય અને એચ.આઇ.વી અધિકારી ડો. આર. ડી. પહાડીયા, તાલુકા આરોગ્ય અધિકારી ડો. એ.આર.ડાભીના માર્ગદર્શન હેઠળ ગરબાડા હાટ બજાર ખાતે ચાંદીપુરમ, ટીબી, એઈડસ,હીપેટાઈટીસ બી જેવા રોગો વિશે IEC(પ્રચાર પ્રસાર)કરવામા આવી અને લોકોને પત્રિકા,પોસ્ટરના માધ્યમ થી સમજ આપવામા આવી. જેમાં ગરબાડા સરપંચ અશોકભાઇ રાઠોડ, મિનાકયાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડો. નયન પરમાર, ICTC કાઉન્સેલર અમલીયારભાઈ, તાલુકા ટીબી સુપર વાઈઝર ભાવેશભાઈ, ગરબાડા ૧/૬ ના MPHW તેજસભાઈ તેમજ રવીરાજ ભાઈ હાજર રહ્યા હતા.

# દાહોદ નગરપાલિકામાં ચાલી રહેલા વિરોધ વંટોળને ઠારવા પ્રભારી મંત્રી ગોરધન ઝડફિયા દાહોદની મુલાકાતે!!

-વર્તમાન પ્રમુખ જૂથ તેમજ વિરોધી જૂથ બંનેએ પોતપોતાની રીતે રજૂઆતો કરી,
- ઘીના ઠામમાં ઘી ઠરશે કે પછી.? આગળ વિરોધ યથાવત રહેશે?

દાહોદ,

દાહોદ નગરપાલિકામાં છેલ્લા ૫૦ દિવસ કરતાં પણ વધુ દિવસથી જૂથબંધી તેની ચરમસીમા વટાવી ચુકી છે. ઘરની વાત ઘરમાં જ સમાધાન થકી ઉકેલાય તેવા ભાજપના તમામ મોવડી મંડળનો પનો ટૂંકો પડતા આજે દાહોદના પ્રભારી અને મંત્રી ગોવર્ધનભાઈ ઝડફિયા દાહોદ ખાતે દોડી આવ્યા હતા.અને બંને જૂથના સુધરાઈ સદસ્યોને રૂબરૂ સાંભળી નગરપાલિકાના ઉભા થયેલા વિવાદનો અંત લાવવાનો પ્રયાસ કર્યો હતો. આંતરિક ગમાં અણગમાને બાજુએ મૂકી પ્રજા આક્રોશનો ભોગ ન બનાય તેવી રીતે કાર્ય કરી વિકાસને વેગ આપવાની વાત કરી હતી તો બીજી તરફ એક અનૌપચારિક મુલાકાતમાં પ્રભારી ઝડફીયાએ પાલિકામાં ઊભી થયેલી અને ચરમસીમા વટાવેલી જૂથબંધની શું નિર્ણય લેવાયો એવું પૂછતા જ પાર્લમિન્ટ્રી બોર્ડે આઠ માસ પૂર્વે લીધેલા નિર્ણય એ એક જ સર્વોપરી છે.ત્યાર પછી બીજો કોઈ નિર્ણય લેવાયો નથી તેવી ગર્ભિત ઈશારો આપી થોડામાં ઘણું બધું કહી દીધું હતું. પ્રમુખ બદલવાની માંગણી કરતા ૨૪ સુધરાઈ સદસ્યોને રાજકીય પાઠની શીખ અપાઈ હોવાનું તથા હાલના પ્રમુખના જૂથને પણ સૌને સાથે લઈ ચાલવાની શીખ અપાઈ હોવાનું જણાવ્યું હોવાનું આધારભૂત સૂત્ર માંથી જાણવા મળેલ છે. ત્યારે આ સંજોગોમાં પ્રમુખ સામે વિરોધની તલવાર ખેંચનાર સુધરાઈ સભ્યો હથિયાર હેઠા મૂકી પાર્ટીના નિર્ણયને શિરોમાન્ય ગણશે કે આવનારા સમયમાં અવિશ્વાસની દરખાસ્ત લાવી અથવા રાજીનામુંમુક્શે ? તે જોવું હવે રસપ્રદ બની રહેશે.

# દાહોદના જાલત ગામે ફોર વ્હીલ ચાલકે રસ્તો ક્રોસ કરતી ૯ વર્ષીય બાળકને અડફેટમાં લેતા ગંભીર ઈજાઓ થતાં મોત

દાહોદ,

દાહોદ તાલુકાના જાલત ગામેથી પસાર થતાં હાઈવે રોડ પર એક ફોર વ્હીલર ગાડીના ચાલકે રસ્તો ઓળંગી રહેલ એક ૦૯ વર્ષિય બાળકને અડફેટમાં લેતાં ૦૯ વર્ષિય બાળકનું શરીરે ગંભીર ઈજાઓને પગલે મોત નીપજ્યાંનું જાણવા મળે છે.ગત તા.૨૧મી જુલાઈના રોજ દાહોદના જાલત ગામેથી પસાર થતાં હાઈવે રોડ પર એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યો હતો, તે સમયે ગરબાડાના ભીલવા ગામે સિંધી ફળિયામાં રહેતાં ૦૯ વર્ષિય કૃષ્ણકુમાર સુમનભાઈ ગણાવા રસ્તો ઓળંગી રહ્યાં હતા. તે સમયે ફોર વ્હીલર ગાડીના ચાલકે કૃષ્ણકુમારને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં કૃષ્ણકુમારને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું.આ સબંધે રાકેશભાઈ રમેશભાઈ પરમારે કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.282

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લામાં ચાંદીપુરા વાયરસને લઈ સારવાર લઈ રહેલ ૧૧ માસની બાળકીના મોત સાથે ચાંદીપુરા વાયરસમાં મૃત્યુઆંક પાંચ ઉપર પહોંચ્યો



ગોધરા,
પંચમહાલ જીલ્લામાં ચાંદીપુરા વાયરસના ૧૧ જેટલા કેસ નોંધાયા ૪ બાળકોના શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના સંક્રમણને મોત નિપજાવા પામ્યા છે. જ્યારે ૬ બાળકો સારવાર હેઠળ હતા તે પૈકી ઘોઘંબાના ઝીંઝરી ગામની ૧૧ માસની બાળકીનું વડોદરા એસ.એસ.જી.માં સારવાર દરમિયાન મોત થતાં જીલ્લામાં ચાંદીપુરા વાયરસને લઈ મૃત્યુઆંક ૫ ઉપર પહોંચ્યો છે. જેને લઈ આરોગ્ય વિભાગ સર્તક બન્યું છે. દવાના છંટકાવ અને ચેકીંગ હાથ ધરાયું છે.

પંચમહાલ જીલ્લામાં રાજયમાં સૌથી વધુ ચાંદીપુરા વાયરસના ૧૧ કેસ નોંધાવા પામ્યા છે. જેમાં ગોધરા તાલુકા, ઘોઘંબા, મોરવા(હ) તાલુકામાં ચાંદીપુરા વાયરસના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા હતા. જેમાં અત્યાર સુધી કોટડા, લાલપુરી, ખાબડા મળી અત્યાર સુધી ૪ બાળકોના ચાંદીપુરા વાયરસને લઈ મોત થયા છે. જ્યારે આજરોજ ઘોઘંબાના ઝીંઝરી ગામની ૧૧ માસની બાળકી ચાંદીપુરા વાયરસને લઈ એસ.એસ.જી.માં સારવાર હેઠળ હતી તે બાળકીનું મોત નિપજાવા પામવાની સાથે ચાંદીપુરા વાયરસમાં મૃત્યુઆંક પાંચ સુધી પહોંચ્યો છે. જ્યારે ઘોઘંબા તાલુકાના મોટી કાંટડી, બેટીયા અને કાલોલના કાદવીયા ગામના ત્રણ બાળકો સારવાર હેઠળ હતા તે ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.જીલ્લામાં ચાંદીપુરા વાયરસ ભરડો લઈ રહ્યો છે. તે જોતાં પંચમહાલ આરોગ્ય વિભાગની ટીમો દ્વારા દરેક તાલુકાઓમાં સર્વેલન્સ ટીમ સાથે રાખીને ચેકીંગ હાથ ધરવામાં આવ્યુંછે. સાથે દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. આરોગ્ય વિભાગ ચાંદીપુરા વાયરસ વધુ ન ફેલાય તે માટે તકેદારી રાખવામાં આવી રહી છે.

# પંચમહાલ જીલ્લાના સાંસદએ કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવને ગોધરા રેલ્વેની પડતર માંગણી ટ્રેનોના સ્ટોપેજ તેમજ પ્લેટ ફોર્મને ઝડપી વિકાસ માટે રજુઆત કરી



ગોધરા,
પંચમહાલ જીલ્લાના સાંસદ રાજપાલસિંહ જાદવ એ જીલ્લાના રેલ્વેને લગતા પ્રશ્નોને લઈ કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવની રૂબરૂ મુલાકાત કરી હતી. સાંસદે તેમના મત વિસ્તાર રેલ્વેના લગતા મુદ્દાઓ જેવાં કે ગોધરા રેલ્વે સ્ટેશન તથા ડેરોલ સ્ટેશન ખાતે તેજસ (રાજધાની) એકસપ્રેસ, અગસ્તક્રાંતિ એકસપ્રેસ, પારસનાથ એકસપ્રેસ, અમદાવાદ ગોરખપુર એકસપ્રેસ, ઓખા ગોહરી એકસપ્રેસ, ગાંધીધામ કામળીયા એકસપ્રેસ, અમદાવાદ–પટના–આજીમાબાદ એકસપ્રેસ, ઓખા–બનારસ એકસપ્રેસ, અમદાવાદ–પટના એકસપ્રેસ, ગરામા એકસપ્રેસ, મહારાષ્ટ્ર સંપર્ક ક્રાંતિ એકસપ્રેસ, હઝરત નિઝામુદ્દીન યુવા એકસપ્રેસ સહિતની ટ્રેનોના સ્ટોપેઝ ફાળવવામાં આવે. ગોધરા રેલ્વે સ્ટેશનના પ્લેટ ફોર્મ નં.૩–૪ યાર્ડ પાસે નવી ટીકીટ બારી, પાર્કીંગ સુવિધા ઉભી કરવી, ગોધરા રેલ્વે સ્ટેશનના પ્લેટ ફોર્મ નં.૧ અને ૨ પર એસ્કેલેટર મંજુર કરવા, ગોધરા રેલ્વે સ્ટેશનથી શહેરા ભાગોળ (એલ.સી.–૪) ફાટક સુધી વળાંકને કારણે ટ્રેનની ઝડપ ધીમી હોવાને લઈ અસામજીક તત્વો દ્વારા મુસાફરોના સામાનની ચોરી કરી ભાગી જતા હોવાથી પોલીસની સુરક્ષા અને લાઈટની વ્યવસ્થા કરવામાં આવ, નવીન પ્લેટ ફોર્મ નં.૪–૫ના ઝડપી વિકાસ માટે માંગ,શહેરા ભાગોળ (એલ.સી.–૪) ગેટ અને ડેરોલ સ્ટેશન આર.ઓ.બી. પરના અંડરપાસ કામ ઝડપથી પૂર્ણ કરવા તેવી વિવિક માંગણી સાથેની રજુઆત પંચમહાલ સાંસદ દ્વારા કરવામાં આવી છે.

## લુણાવાડાના આકલવા ગામે ખેતરમાં દબાણ કરતાં રોકવા જતાં
# ભુમાફિયા દ્વારા અખિલ ભારત હિન્દુ મહાસભામાં પ્રભારી જેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી

ગોધરા,
ગોધરા ખાતે રહેતા આશીષ પટેલ જે અખિલ ભારત હિન્દુ મહાસભાના પ્રભારી હોય તેઓ મુળ લુણાવાડા આંકલવાના રહિશ હોય પરંતુ ૩૦ વર્ષથી ગોધરા ખાતે રહે છે. આંકલવા ગામે મિલ્કતમાં આવેલ હોય ઘણા લાંબા સમય બાદ આશીષ પટેલના પિતા પોતાના ખેતરમાં ગયા હતા. ત્યારે ખેતર પાસે મિતુલભાઈ ભટ્ટનું ખેતર આવેલ હોય અને તેમના દ્વારા વાડની અંદરની બાજુમાં ૧૦ ફુટ ખેતરમાં બિનજરૂરી વાડી કરી દબાણ કરવાની કોશીષ કરવામાં આવી હતી. જેથી આશીષ પટેલના પિતાએ બાજુમાં ખેતર ધરાવતા મિતુલભાઈને અમારી જગ્યામાં ફેન્સીંગના થાંભલા કેમ રોપ્યા છે. તેમ કહેવા જતાં મીતુલભાઈ ભટ્ટ દ્વારા આશીષ પટેલના પિતાને તારા પુત્ર પરિવારને મારી નાખવાનો છું. મિતુલ ભટ્ટે કહેલ કે પોલીસ તંત્રને હું ખિસ્સામાં લઈને ફરું છું. વડોદરામાં મારી પાસે મોટી ગેંગ છે. આ જગ્યા તો કોઈપણ રીતે પચાવી પાડીશ મારે જે કરવું પડશે તે કરીશ તેવી ધમકી આપી હતી.

આંકલવા ગામના મિતુલભાઈ ભટ્ટ દ્વારા અગાઉ પણ આવી જ રીતે વાડ કરતા હોય તેને રોકવામાં આવ્યા હતા. આ અંગે આશીષભાઈ પટેલ દ્વારા પોલીસ ફરિયાદ કરતાં કામ બંધ કર્યું હતું. પરંતુ એ વર્ષ બાદ ફરીથી ફેન્સીંગ વાડ કરીને દબાણ કરવાની કોશીષ કરાઈ છે. આ ભુમાફિયા સામે કડક પગલાં ભરવામાં આવે તે જરૂરી છે. ભુમાફિયા બેફામ બનીને આખા પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતી હોય ત્યારે મિતુલ ભટ્ટ દ્વારા મારી નાખવાની ધમકી અપાઈ હોય ત્યારે આશીષભાઈ પટેલના પરિવારને કંઈ પણ થાય તો જવાબદારી મિતુલ ભટ્ટની રહેશે તેવી રજુઆત રાજયના મુખ્યમંત્રી, રાજય ગૃહમંત્રી, પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી, પોલીસ અધિક્ષક મહિસાગરને લેખિત રજુઆત કરાઈ છે.

# ગોધરાના ગદુકપુર ગામે પત્ની ઘરેથી ચાલી જતાં આરોપીને તેના પતિ કહેવા જતાં મારમારી ઈજાઓ પહોંચાડી

ગોધરા,
ગોધરા તાલુકાના ગદુકપુર રહેતા ફરિયાદીના ભાઈની પત્ની ઘરેથી કયાંક ચાલી ગયેલ હોય અને આરોપી સાથે પ્રેમ સંબંધ હોવાનો શક વ્હેમ હોય તે બાબતે કહેવા ગયેલ હતા. ત્યારે આ આરોપીઓ ઝગડો તકરાર કરી લોખંડની પાઈપ માથામાં મારી ઈજાઓ પહોંચાડતા આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ગદુકપુર ગામે રહેતા રાજેન્દ્રસિંહ અમરસિંહ પટેલની પત્ની અરૂણાબેન ઘરેથી કયાંક ચાલી ગયેલ હોય અને આરોપી અલ્પેશ બળવંતભાઈ બામણીયા સાથે પ્રેમ સંબંધ હોવાના શક વ્હેમ હોય જેને લઈ અલ્પેશને ઘરે રાજેન્દ્રસિંહ પોતાની પત્ની ચાલી ગયેલ હોય તે બાબતે કહેવા ગયા હતા. ત્યારે આરોપીઓ સુનિલભાઈ, સામંતભાઈ બામણીયા, મનિષાબેન સ્વરૂપભાઈ બામણીયા, સુનિલભાઈ ઝગડો તકરાર કરી હતી. જ્યારે અલ્પેશ એ ઘર માંથી લોખંડની પાઈપ રાજેન્દ્રસિંહને માથામાં મારી ઈજાઓ પહોંચાડી ગુનો કર્યાની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકે નોંધાવા પામી છે.

# ગોધરા-દાહોદ હાઈવે કેવડીયા ગામ પાસે લાઈટના થાંભલા સાથે બાઈક અથડાતા બાઈક ચાલકનું મોત

ગોધરા,
ગોધરા–દાહોદ હાઈવે રોડ ઉપર કેવડીયા ગામ પાસેથી બાઈક સવાર પસાર થતી હોય અને હાઈવે રોડ ઉપર બાથરૂમ પાસે લાઈટના થાંભલા સાથે બાઈક સાથે અથડાતા કપાળ થી માથામાં ઈજાઓ થતાં ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા–દાહોદ હાઈવે રોડ ઉપર કેવડીયા ગામ પાસે રોડ ઉપરથી બાઈક નંબર જીજે.૨૦.બીજી.૩૬૧૩ના ચાલક સંજયભાઈ ચંદુભાઈ નિનામા (રહે. પરમારના ખાખરીયા, લીમેખડા) પસાર થઈ રહ્યા હતા. ત્યારે કેવડીયા ગામ પાસે હાઈવે રોડ ઉપર આવેલ બાથરૂમ પાસે લાઈટના થાંભલા સાથે ધડાકાભેર બાઈક અથડાઈ જતાં બાઈક ચાલક સંજયભાઈ નિનામાને કપાળ થી માથાના ભાગે તેમજ છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# પંચમહાલ જીલ્લામાં બેંક ઓફ બરોડાના ૧૧૭માં સ્થાપના દિવસની હર્ષભેર ઉજવણી કરાઈ



ગોધરા,
બેંક ઓફ બરોડાના ૧૧૭માં સ્થાપના દિવસ નિમિત્તે પંચમહાલ જીલ્લાની તમામ શાખાઓના કર્મચારીઓ દ્વારા હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી. સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે ગોધરા શહેરના પ્રાદેશિક વડા કૌશલ કિશોર પાંડે અને નાયબ પ્રાદેશિક વડા દીપક સિંહ રાવતની આગેવાની હેઠળ તમામ સ્ટાફ સભ્યોએ ઇધઇ ગ્રીન ઝુંબેશ અંતર્ગત વૃક્ષ વાવો, પર્યાવરણ બચાવો થીમ પર વૃક્ષારોપણનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે નારી સંરક્ષણ કેન્દ્ર,ગોધરા સહિત અલગ અલગ સ્થળોએ વૃક્ષારોપણ કરાયું હતું.આ ઉપરાંત સરકારી દત્તક સંસ્થાઓમાં બાળકો માટે પથારી અને પૌષ્ટિક આહારની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં જીલ્લાની તમામ ૪૫ શાખાઓ દ્વારા વિવિધ સ્થળોએ ૫૦૦થી વધુ ફળદ્રુપ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ સાથે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) હેઠળ વિવિધ શાળાઓમાં પુસ્તકો અને અન્ય અભ્યાસ સામગ્રીનું, આરોગ્ય માટે દવાઓ અને મેડિકલ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગોધરા શહેર ખાતે ૮૫૦થી વધુ જરૂરિયાતમંદ લોકોને ભોજન પૂરૂં પાડવામાં આવ્યું હતું.

બેંક ઓફ બરોડા તેની સામુદાયિક જવાબદારીઓ નિભાવતી વખતે વ્યવસાયને સંતુલિત કરવા અને સામાજીક પ્રવૃત્તિઓમાં યોગદાન આપવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ હોવાનું લીડ બેંકના મેનેજર એક જણાવ્યું છે.

# સહકાર ભારતી દ્વારા જીલ્લાની કેડીટ સોસાયટી અને પગારદાર મંડળીઓનાં હોદ્દેદારોની બેઠક યોજાઈ



ગોધરા,
એ.પી.એમ.સી,ગોધરા ખાતે સહકાર ભારતીના પ્રદેશ સંગઠન અદયક્ષ જીવણભાઈ ગોલેજી તા.૨૨/૦૭/૨૦૨૪ને સોમવારનાં રોજ પંચમહાલ જીલ્લાની કેડીટ સોસાયટી અને પગારદાર મંડળીઓનાં હોદ્દેદારો ની તેઓની સંસ્થાનાં વિકાસ અને પ્રગતિ માટે માર્ગદર્શન આપવા માં આવ્યું હતું. માકેટીંગયાર્ડ, રાણાવાસ પાસે એ.પી.એમ.સી ખાતે સોમવાર નારોજ સાંજનાં ૦૫:૩૦ કલાકે બેઠક મળી. જેમાં જીલ્લાની બેન્કો, સહકારી મંડળીઓ, પગારદાર કર્મચારી મંડળીઓ, શિક્ષક મંડળીઓના હોદેદારો કર્મચારીઓ હાજર રહયા હતા. સહકારી મંડળીઓના સંચાલન અંગે સચોટ અને ઉત્તમ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

# કાલોલ મોગલવાડા અને ભડીયાદરા પીર પાસેની પાણીની ટાંકી નીચે ગંદકીને લીધે ચાંદીપુરમ વાયરસ ફેલાવવાની શકયતા ઓને લઈ લોકોમાં પાલિકા સામે ભારે રોષ



કાલોલ,
કાલોલ જુમ્મા મસ્જિદ સામે મોગલવાડા વિસ્તારમાં અનિયમિત સાફસફાઇ લઇને ચાંદીપુરમ વાયરસનો ખતરો દેખાય રહયો છે. ત્યારે એક ખંડેર બંધ હાલતમાં માટી અને લીંપણવાળું મકાનની આજુબાજુ ભારે કચરો હોય ગંદકીને કારણે ચાંદીપુરમ જેવી જીવલેણ બીમારી રોગો થાય તેવી દેહસત સતાવી રહી છે અને તેવા સંજોગોમાં પણ ગંદકીની સાફસફાઇ કરવામાં આવતી નથી. જેને લઇ ચોમાસામાં માખી અને મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો હોય જેથી લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ત્યારે તબીબી સૂત્રો અનુસાર આ વાયરસ સેન્ડ ફ્લાય કે જે બાલુમાખી તરીકે ઓળખાય છે, તે કરડવાથી ફેલાય છે અને આ માખી મકાનોની દિવાલોની અંદર કે બહારની તિરાડમાં રહે છે અને અંધારિયો, હવા ઉજાસ વગરનો રૂમ હોય તેમાં પેદા થાય છે. ત્યારે સ્થાનિક રહીશોએ અનેક વખત રજુઆત કરી હોવા છતાં અને મોહરમ પર્વના તહેવારોમાં પણ સાફસફાઈની કાર્યવાહી કરવામાં આવી નથી. તેવું સ્થાનિક રહીશોએ જણાવ્યું હતું. જેથી પાલિકા સામે લોકો ભારે આકોષ વ્યક્ત કરી હતી અને આજરોજ લેખીતમાં પાંચ લોકોની સહીં સાથે રજુઆત કરી છે. ત્યારે બીજી બાજુ ચાંદીપુરમ વાઈરસનો ખતરો લાગી રહયો છે. ત્યારે ભડીયાદરા પીરની દરગાહ પાસે નગરપાલિકાની પાણીની ટાંકી નીચે ભારે ગંદકી છે. ત્યારે મચ્છર ઉપદ્રવનું કારખાનું હોય તેવો નજારો સામે આવેલ છે, જેથી કરીને મચ્છરનો ઉપદ્રવ અટકે તેના માટે જવાબદાર તંત્ર સ્થળની મુલાકાત લઈ ગંદકી દૂર કરાવી દવાનું છંટકાવ કરવા માટે ત્વરીત કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિક રહેવાસીઓ દ્વારા માંગ કરવામાં આવી છે.

# કાલોલ શિશુમંદિર શાળામાં ગૌરીવ્રતની મહેંદી સ્પર્ધામાં નાની બાળાઓએ હાથોમાં મહેદી મૂકી મહેદી કલાને ઉજાગર કરી



કાલોલ,
કાલોલ શિશુમંદિર શાળામાં ગૌરીવ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાળાના નાની નાની વિદ્યાર્થિનીઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો. બાળકીઓએ ખુબ જ ઉત્સાહ સાથે વિવિધ પ્રકારની કલાત્મક મનમોહક મહેંદીઓ બનાવી હતી. બાળકોમાં શિક્ષણની સાથે અન્ય પ્રવૃત્તિ તેમજ રમત ગમતનું માર્ગ દર્શન પણ જરૂરી છે, જે અનુલક્ષી શાળાના શિક્ષકોનાં માર્ગદર્શન હેઠળ મેહંદી સ્પર્ધા યોજવામાં આવ્યું હતું. જ્યાં શાળામાં ગૌરીવ્રતની મહેંદી સ્પર્ધા યોજીને નાની બાળાઓએ હાથોમાં મહેદી મૂકી મહેદી કલાને ઉજાગર કરી હતી.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ભુરીયા મોહનભાઇ ખીમજીભાઇ
તરફથી અભીનંદન....
મું. વાંકોટા, તા.ધાનપુર.
તા. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
બારીઆ બાબુભાઇ ચીમનભાઇ
તરફથી અભીનંદન....
મું. નળું, તા. ધાનપુર.
તા. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
કંજેટાવાલ મોઈજભાઇ હુસનઅલી
તરફથી અભીનંદન....
મું. સીંગાવલી, તા. ધાનપુર.
તા. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
કાગદી બુરહાન કલીમુદ્દીન
તરફથી અભીનંદન....
મું. ઝાબુ, તા. ધાનપુર.
તા. દાહોદ